# નિત્ય નિયમ





INDEX

# નિત્ય નિયમ

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર-કુંડળધામ તથા કારેલીબાગ, વડોદરા



# નિત્ય નિયમ


**પ્રેરક** : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડળધામ)

**પ્રકાશન તિથિ** : સં.૨૦૫૫, દેવશયની એકાદશી તા.૨૪/૭/૧૯૯૯

**સાતમી આવૃત્તિ** : સં.૨૦૭૧, જલઝીલણી એકાદશી તા.૨૪/૯/ ૨૦૧૫

**પ્રત** : ૧૦૦૦૦

**કુલ પ્રત** : ૪૮૦૦૦

**કિંમત** : રૂા.૧૦/-

**ISBN** : 978-93-83456-49-9


## પ્રાપ્તિસ્થાન :




**શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ**
**મો. ૯૬૦૧૨૯૦૦૦૧/૨**

**શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા**
**મો. ૯૬૦૧૨૯૦૦૦૫/૬**

# નિવેદનમ્

વહાલા ભક્તો ! નિત્ય નિયમની આ પુસ્તિકા નવા મુમુક્ષુઓ માટે અતિ ઉપયોગી જાણી શ્રીસ્વામિનારાયણ મંદિર તીર્થધામ કુંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.

ઘણાંખરાં સત્સંગી નર-નારીઓને પણ નિત્ય બોલાતી પ્રાર્થના, નિત્યનિયમો, લીલાનાં, ઉપદેશનાં કીર્તનો, શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા બોલવામાં ઘણી અશુદ્ધિ રહેતી હોય છે તથા કંઠસ્થ પણ હોતાં નથી.

સંપ્રદાયમાં પ્રવેશતાં નવાં મુમુક્ષુ નર-નારીઓને આ ઉપર્યુક્ત બધું જ કંઠસ્થ કરવાનું હોય છે. તે રીતે જ જૂના સત્સંગીઓને ભૂલો સુધારવા-સમજવા અને કંઠસ્થ કરવા આ પુસ્તિકા ઘણી

જ ફાયદાકારક નીવડશે. કારણ કે નાની પુસ્તિકા હેરવવા-ફેરવવામાં, મુસાફરીમાં અતિ અનુકૂળ હોવાથી સાથે રાખી શકાય. તેથી કંઠસ્થ કરવામાં ખૂબ જ સહાયક બને એવું વિચારી કુંડળધામ દ્વારા સાહિત્ય સેવાના ક્ષેત્રે આ નાનકડી પુસ્તિકા સત્સંગ સમાજના કરકમળમાં મૂકી છે.

આ પુસ્તિકામાં જણાવેલ આટલું સાહિત્ય તો દરેક સાંપ્રદાયિક નર-નારીઓને કંઠસ્થ હોવું જોઈએ; એવું અમારું માનવું છે. અને તેમ કરવામાં પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા સંતો-ભક્તોનો રાજીપો થશે. એ જ અભ્યર્થના સહ જય સ્વામિનારાયણ.

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ-કુંડળધામના
આપને જય સ્વામિનારાયણ

INDEX


| ક્રમ | અનુક્રમણિકા | પેજ |
|---|---|---|
| ૧ | સંત સમાગમ કીજે... | ૧ |
| ૨ | શ્યામની છબી રે... | ૪ |
| ૩ | લગની લાગી રે... | ૬ |
| ૪ | પ્રગટ પ્રમાણ... | ૯ |
| ૫ | આરતી... | ૧૦ |
| ૬ | રામ કૃષ્ણ ગોવિંદ... | ૧૧ |
| ૭ | નવીનજીમૂત સમાન... | ૧૨ |
| ૮ | નિર્વિકલ્પ ઉત્તમ... | ૧૩ |
| ૯ | સ્તુતિ... | ૧૫ |
| ૧૦ | સ્તોત્ર... | ૧૭ |
| ૧૧ | જમો થાળ જીવન... | ૨૭ |
| ૧૨ | રૂડી રાંધી મેં... | ૨૮ |
| ૧૩ | લેતા જાઓ રે સાવરિયા... | ૨૮ |
| ૧૪ | લાલ મનોહર લીજીએ... | ૨૯ |
| ૧૫ | પ્રથમ શ્રીહરિને રે... | ૩૦ |
| ૧૬ | ઓરા આવો શ્યામ... | ૪૩ |
| ૧૭ | હવે મારા વાલાને... | ૪૪ |

INDEX

| ક્રમ | અનુક્રમણિકા | પેજ |
|---|---|---|
| ૧૮ | વંદું સહજાનંદ... | ૪૬ |
| ૧૯ | રે શ્યામ તમે સાચું નાણું... | ૫૧ |
| ૨૦ | અક્ષરના વાસી વહાલો... | ૫૨ |
| ૨૧ | મારા વાલાજી શું વાલપ... | ૫૩ |
| ૨૨ | પોઢે પ્રભુ સકળ મુનિ કે... | ૫૫ |
| ૨૩ | પોઢો પોઢો સહજાનંદ... | ૫૬ |
| ૨૪ | આજ મારે ઓરડે... | ૫૭ |
| ૨૫ | આજ સખી આનંદની હેલી... | ૬૨ |
| ૨૬ | સર્વે સખી જીવન જોવાને... | ૬૫ |
| ૨૭ | મારે આજ પ્રીતમ... | ૬૮ |
| ૨૮ | લટકાળો લટકંતો રે આવે... | ૬૯ |
| ૨૯ | મને પ્યારી લાગે... | ૭૦ |
| ૩૦ | સુંદર શ્રી ઘનશ્યામ... | ૭૧ |
| ૩૧ | શ્રીજી અને સહુ સંતો રે... | ૭૧ |
| ૩૨ | રૂડા લાગો છો... | ૭૨ |
| ૩૩ | મને ઉગારો હે સ્વામી... | ૭૩ |
| ૩૪ | ચાલ ઘના ચાલ... | ૭૪ |

# INDEX

| ક્રમ | અનુક્રમણિકા | પેજ |
|---|---|---|
| ૩૫ | વડતાલવાસી તમારો પ્યાર... | ૭૫ |
| ૩૬ | વડતાલમાં બિરાજ્યા... | ૭૬ |
| ૩૭ | ફગવા... | ૭૭ |
| ૩૮ | નમો નમો નિરંજનમ્... | ૮૦ |
| ૩૯ | નમન હું કરું વિશ્વપાળને... | ૮૧ |
| ૪૦ | ગોપા.સ્વામીના મહિમા વિષે શ્લોકો | ૮૨ |
| ૪૧ | જે સ્વામિનારાયણ નામ લેશે... | ૮૪ |
| ૪૨ | પુરુષ સુક્તમ્... | ૮૭ |
| ૪૩ | જનમંગલ સ્તોત્ર... | ૮૯ |
| ૪૪ | જનમંગલ નામાવલિ... | ૯૪ |
| ૪૫ | નારાયણકવચ... | ૧૦૨ |
| ૪૬ | હનુમાનજીની આરતી...સ્તોત્ર | ૧૧૦ |

# નિત્ય-નિયમ

## ગોડી

### સંત સમાગમ (રાગ : પૂરવ)

**પદ-૧**

સંત સમાગમ કીજે હો નિશદિન...સંત૦ ટેક.
માન તજી સંતન કે મુખ સે,
    પ્રેમ-સુધારસ પીજે...હો નિશદિન૦૧
અંતર કપટ મેટ કે અપના,
    લે ઉન કું મન દીજે...હો નિશદિન૦૨
ભવદુ:ખ ટળે બળે સબ દુષ્કીત,
    સબવિધિ કારજ સીજે...હો નિશદિન૦૩
બ્રહ્માનંદ કહે સંત કી સોબત,
    જન્મ સુફળ કરી લીજે...હો નિશદિન૦૪

## પદ-૨

સંત પરમ હિતકારી જગતમાંહિ... સંત૦ ટેક.
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મિટાવત ભારી...જગત૦૧

પરમકૃપાળુ સકળ જીવન પર,
હરિ સમ સબ દુઃખહારી...જગત૦૨

ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી,
રીત જગત સે ન્યારી...જગત૦૩

બ્રહ્માનંદ કહે સંત કી સોબત,
મિલત હૈ પ્રગટ મુરારિ...જગત૦૪

## પદ-૩

હરિ ભજતાં સુખ હોય, સમજ મન...હરિ૦ ટેક.
હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની,
ઉમર દીની ખોય...સમજ૦૧

માતપિતા જુવતી સુત બાંધવ,

સંગે ચલત નહિ કોય...સમજ૦૨

ક્યૂં અપને શિર લેત બૂરાઈ,
રહેના હૈ દિન દોય...સમજ૦૩

બ્રહ્માનંદ કહે હરિને ભજી લે,
હિત કી કહત હું તોય...સમજ૦૪

## પદ-૪

યૂંહી જન્મ ગુમાત, ભજન બિન...યૂંહી-ટેક.

સમજ સમજ નર મૂઢ અજ્ઞાની,
કાળ નિકટ ચલી આત...ભજન૦૧

ભયોરી બેહાલ ફીરત હૈ નિશદિન,
ગુન વિષયન કે ગાત...ભજન૦૨

પરમારથ કો રાહ ન પ્રીછત,
પાપ કરત દિનરાત...ભજન૦૩

બ્રહ્માનંદ કહે તેરી મૂરખ,
આયુષ્ય વૃથા હી જાત....ભજન૦૪

## શ્યામની છબી (રાગ : ગરબી)

### પદ-૧

શ્યામની છબી રે સખી ! શ્યામની છબી;
જોને ફૂલડાંથી છાઈ સખી ! શ્યામની છબી...ટેક૦
ફૂલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગોઅંગ હરિને શોભે, ફૂલોના શણગાર...શ્યામ૦૧
કાનુંમેં ફૂલડાંનાં કુંડળ, ફૂલોના ભુજબંધ;
ફૂલ તણા ગજરા ફાવે છે, સુંદર માંહી સુગંધ...શ્યામ૦૨
ફૂલ તણો શિર મુગટ જોઈને, મગન ફરે વ્રજનાર;
ફૂલ તણી શોભા પર જાયે, બ્રહ્માનંદ બલિહાર...શ્યામ૦૩

### પદ-૨

ફૂલની માળા રે, શોભે ફૂલની માળા;
બે'ની સુંદરવરને શોભે ગળે ફૂલની માળા...ટેક૦
નવલ કસુંબી પટકા ઉપર, તોરે હદ વાળી;
ફૂલતણી પછેડી ઓઢી, ઊભા વનમાળી...ફૂલની૦૧

ફૂલડાંની વૈજંતી માળા, હરિવરને ફાવે;
એ માળાને જોવા સારુ, ઈન્દ્રાદિક આવે...ફૂલની૦૨
ફૂલ કલંગી માથે લટકે, છબી નૌતમ સારી;
બ્રહ્માનંદ કહે નટવર મૂર્તિ, નેણુંમાં ધારી...ફૂલની૦૩

## પદ-૩

ફૂલની બાંધી રે, પોંચી ફૂલની બાંધી;
હેલી ! નટવરજીને હાથે, પોંચી ફૂલની બાંધી...ટેક૦
ફૂલતણાં છોગલિયાં ફરતાં, મેલ્યાં મરમાળાં;
કાનુ ઉપર ફૂલડાં ખોસ્યાં, લાગે રૂપાળાં...ફૂલની૦૧
ફૂલદડો ઉછાળે વહાલો, લટકે મન લેવા;
એ લટકાંને જોવા આવે, ભવ બ્રહ્મા જેવા...ફૂલની૦૨
ફૂલડાંની ટોપી ગૂંથીને, પ્રેમે પહેરાવી;
બ્રહ્માનંદ કહે એ છબી મેં તો, અંતર ઠેરાવી...ફૂલની૦૩

## પદ-૪

મન મારું મોહ્યું રે આલી ! મન મારું મોહ્યું;
એની ફૂલડાંની શોભા જોઈને, મન મારું મોહ્યું...ટેક૦

ફૂલડાં કેરા ગજરા ધાર્યા, સુંદરવર છેલે;
　તે ગજરાની ફોરે ભમરા, કેડો નવ મેલે...મન૦૧
ફૂલડાં કેરા તોડા પહેર્યા, વ્રજજીવન વહાલે;
　ભૂદરજી ફૂલડાને ભારે, લટકંતા ચાલે...મન૦૨
અલબેલાને સર્વે અંગે, ફૂલી ફૂલવાડી;
　બ્રહ્માનંદ કહે એ છબી જોવા, આવે સૌ દાડી...મન૦ ૩

## લગની લાગી (રાગ : ગરબી)

### પદ-૧

લગની લાગી રે, મારે લગની લાગી;
　સખી ! શામળિયા સંગાથે, મારે લગની લાગી...ટેક૦
મીઠે સ્વરે મોહનજીની મોરલી વાગી;
　સાંભળતામાં ચટકી લાગી, ઝબકી જાગી...લગની૦૧
વૃંદાવનની વાટે ચાલી, કુળલજ્જા ત્યાગી;
　વાંસળી વગાડતાં જોયા શ્યામ સોહાગી...લગની૦૨
રસિયા સંગે રમતાં, સર્વે ભ્રમણા ભાંગી;
　મેં તો અખંડ સોહાગ લીધો મુખડે માંગી...લગની૦૩

મુક્તાનંદ કહે પળ એક ન્યારા નહિ મેલું વાલો;
　શિરને સાટે ક્યાંથી મળે, નંદનો લાલો...લગની૦૪

## પદ-૨

ગિરધારી રે સખી ! ગિરધારી;
　મારે નિરભે અખૂટ નાણું ગિરધારી...ટેક૦
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
　દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું નવ છૂટે...ગિર૦૧
અનગણ નાણું સંચી અંતે, નિરધનિયા જાયે;
　તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાયે...ગિર૦૨
સંપત વિપત સર્વે સ્વપ્નું જાણું;
　હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું...ગિર૦૩
મુક્તાનંદ કહે મોહનવરને, ઉરમાં ધારી;
　હવે દુઃખ ને દારિદ્ર થકી, થઈ છું હું ન્યારી...ગિર૦૪

## પદ-૩

સુખ પામી રે સખી ! સુખ પામી;
　હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી...ટેક૦

શરણાગતને પાળે સદા બહુનામી;
  મારે હરિનો ઉપર હાથ કશી ન રહી ખામી...સુખ૦૧
તપ ને તીરથ મેં તો કાંઈ ન કીધું;
  મારે ઘેર બેઠા શ્યામ થકી કારજ સીધું...સુખ૦૨
સંસારીનું સુખડું જૂઠું આવે ને જાયે;
  હરિનો અખંડ સોહાગ કે દી કાળ ન ખાયે...સુખ૦૩
મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી;
  એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી...સુખ૦૪

## પદ-૪

છેલ છોગાળો રે, મીઠી મોરલીવાળો;
  મારે મંદિરે પધારે નિત્ય છેલ છોગાળો...ટેક૦
હસતાં હસતાં મુજને દેખી આનંદ પામે;
  એની કરુણાની દૃષ્ટિ સર્વે દુ:ખડાં વામે...છેલ૦૧
મોતીડાંની માળા પેરી મલપંતો આવે;
  ગાઉં ત્યાં સંગાથે મારે પ્રેમ શું ગાવે...છેલ૦૨
મેં વહાલો વશ કીધા મુજને વહાલે વશ કીધી;
  સામાસામી પાનબીડી દીધી ને લીધી...છેલ૦૩

મુક્તાનંદ કહે મોહન સંગે લા'વ ઘણો લીધો;
મુખડેથી તંબોળ મુજને મેર કરી દીધો...છેલ૦૪

## પ્રગટ પ્રમાણ હરિને (રાગ : ગોડી)

### પદ-૧

પ્રગટ પ્રમાણ હરિને ભજ મન, પ્રગટ પ્રમાણ હરિને;
કામ ક્રોધ મદ લોભ તજીને, દ્રઢ ઉર ટેક ધરીને...ભજ૦૧
ગર્ભવાસનું સંકટ પ્રાણી, જાઈશ મા વીસરીને;
કુબુદ્ધિ કુડ કપટ પરહરજે, ભરજે પાવ ડરીને...ભજ૦૨
માલ મલક સર્વે મેલીને, જાવું જરૂર મરીને;
જાઈશ મા જમરાને આગે, ઝાઝો ભાર ભરીને...ભજ૦૩
ભવદુઃખ ટળે મિટે સર્વે ભ્રમણા, સંતનો સંગ કરીને;
બ્રહ્માનંદ કહે આવો અવસર, નહિ પામીશ ફરીને-ભજ૦૪

### પદ-૨

નારાયણ સુખકારી ભજી લેને, નારાયણ સુખકારી;
સાધુજનની માન શિખામણ, વિષયવિકાર વિસારી-ભજી૦૧

માત પિતા સુત બાંધવ મેડી, નહિ તારાં સુત નારી;
જમને દ્વારે એકીલા જાવું, કરજે કર્મ વિચારી...ભજી૦૨
રાજા રંક ગુણિજન પંડિત, ખેડુ ને વેપારી;
સગાં કુટુંબી સહિત સૌને, લઈ જાવે જમ મારી...ભજી૦૩
ભરતખંડમાં દેહ મનુષ્યનો, મળે નહિ વારંવારી;
બ્રહ્માનંદ કહે થાને સુખિયો, સંતવચન ઉર ધારી..ભજી૦૪

## સંધ્યા આરતી

જય સદ્‌ગુરુ સ્વામી પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી...જય૦૧

ચરણ સરોજ તમારાં વંદું કર જોડી (૨)
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી...જય૦૨

નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુધારી (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી...જય૦૩

નિત્ય-નિત્ય નૌતમ લીલા, કરતાં અવિનાશી (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી...જય૦૪

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨)
કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે...જય૦૫

આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સીધી...જય૦૬

## ધૂન : રામ કૃષ્ણ ગોવિંદ

રામ કૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ !
હરે રામ ગોવિંદ, જય જય ગોવિંદ ! ||૧||
નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે !
શ્રીમન્નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! ||૨||
કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે !
જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! ||૩||
વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! ||૪||
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ !
જય જય વાસુદેવ ગોવિંદ,જય જય વાસુદેવ ગોવિંદ ||૫||

રાધે ગોવિંદ જય રાધે ગોવિંદ !
વૃંદાવનચંદ જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ જય માધવ મુકુંદ !
આનંદકંદ જય માધવ મુકુંદ !

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

## રાધિકાષ્ટકમ્ : નવીનજીમૂત

નવીનજીમૂત સમાનવર્ણં,રત્નોલ્લસત્કુંડલ શોભિકર્ણમ્;
મહાકિરીટાગ્રમયૂરપર્ણમ્, શ્રીરાધિકાકૃષ્ણમહંનમામિ૦૧
નિધાયપાણીદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રીરાધિકા૦૨
વિશુદ્ધહેમોજ્જ્વલ પીતવસ્ત્રં,હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રીરાધિકા૦૩
અધર્મતિષ્યાર્દિતસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં,શ્રીરાધિકા૦૪
ગોપીપ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કંધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રીરાધિકા૦૫

વૃંદાવને પ્રિતતયા વસંતં, નિજાશ્રિતાનાપદ્ઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રીરાધિકા૦૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારીજીવાશ્રયણીયસારમ્;
સદૈવસત્પુરુષસૌખ્યકારં, શ્રીરાધિકા૦૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસંદર્શિતદિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં,શ્રીરાધિકા૦૮

## પ્રાર્થના : નિર્વિકલ્પ ઉત્તમ

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ,એકાંતિક સુખધામ ॥૧॥
મોહિમે તવ ભકતપનો, તામે કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર ॥૨॥
તુમ્હારો તવ હરિભક્ત કો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસ કો, દીજે સમાગમ મોય ॥૩॥
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસન કો દાસ;
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયે પાસ ॥૪॥
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનો બાત;
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ॥૫॥

સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ॥૬॥
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય ॥૭॥
હિંસા ન કરની જંતુ કી, પરત્રિયા સંગ કો ત્યાગ;
માંસ ન ખાવત મદ્ય કુ, પીવત નહિ બડ ભાગ ॥૮॥
વિધવા કું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુ કી, કલંક ન કોઈકું લગાત ॥૯॥
નિંદત નહિ કોઈ દેવ કું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવ કે વદન સેં, કથા સુની નહિ જાત ॥૧૦॥
એહી ધર્મ કે નિયમ મેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઔર સબ આશ ॥૧૧॥
રહી એકાદશ નિયમ મેં, કરી શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામ મેં, જાઓ નિઃશંક જગજીત ॥૧૨॥

શ્રીસહજાનંદસ્વામી મહારાજની જય
શ્રીઘનશ્યામ મહારાજની જય
શ્રીલક્ષ્મીનારાયણ દેવની જય

શ્રીરાધાકૃષ્ણ દેવની જય
શ્રીહરિકૃષ્ણ મહારાજની જય
શ્રીરણછોડરાયની જય
શ્રીનરનારાયણ દેવની જય
શ્રીપાંચસો પરમહંસની જય

## સ્તુતિ

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકલ મંગલ શાંતિદાતા;
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.
અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.
જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુંસમાં, બ્રહ્માંડ કોટિ ફરે;

માયા કાળ રવિ શશી સુરગણો, આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ, શ્રી સ્વામિનારાયણ-૧

આવી અક્ષરધામથી અવનીમાં, જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્ત જનને, દિલે ધરીને દયા;
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા, જેણે કરુણા કરી,
વંદું મંગલ મૂરતિ ઉર ધરી, સર્વોપરી શ્રીહરિ-૨

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો, લઈ તીર્થ માંહી ફર્યા,
રામાનંદ મળ્યા સદ્ધર્મ ચલવ્યો, યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી,
અંતરધાન થયા લીલા હરિ તણી, સંક્ષેપમાં ઉચ્ચરી-૩

નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા, સદ્ધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોડખિલમંગલં નઃ ॥

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા, બુદ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્ સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥

# સ્તોત્ર

## (સોમવાર) રાગ : પીલુ

માનસ ! ચિન્તય ચારુચરિત્રં,
પ્રેમવતીવૃષપુત્રં પવિત્રમ્... માનસ૦
નૂતનમુદિરદયિતમંજુકાયે;
ચંદ્રવિશદવસનાનિ ધરન્તમ્... માનસ૦૧
કેસરતિલકલલિતનિજભાલે,
કુંકુમચંદ્રકધરમભિરામમ્... માનસ૦૨
બિંદુપરિષ્કૃતશુભશ્રુતિયુગ્મે,
રત્નસુશોભિતકુંડલધારમ્... માનસ૦૩
અમ્બકમધુપલસિતલપનાબ્જે,
કુન્દમુકુલસમહાસં દધાનમ્... માનસ૦૪
રેખાવિરાજિતવરકંબુકંઠે,
પુરુવિધપુષ્પકનકમણિહારમ્... માનસ૦૫
વિષધરવિગ્રહકલ્પકરદ્વયે,
પુષ્પરચિતવલયાંગં દધારમ્... માનસ૦૬

હરિમદહરતનુમંજુલકટ્યાં,
નંગખચિતચામીકરરસનાઢ્યમ્...માનસ૦૭

કરિકરકદલીકરભસમસક્થિં,
સુષમસુવૃત્તમુકુરરૂપજાનુમ્... માનસ૦૮

નૂપુરનાદિતચરણમુદારં,
નિષ્કામાનંદનિખિલતાપહારમ્... માનસ૦૯

## (મંગળવાર) રાગ : વસંતતિલકા

શ્રીવાસુદેવ વિમલામૃતધામવાસં,
નારાયણં નરકતારણનામધેયં;
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે...૧

શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણા-
મેકાંતધર્મમખિલં પરિશીલયન્તં;
અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ...ત્વામ્૦ ૨

શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્ત્યા,

સ્વાન્તર્બહિશ્ચભગવત્યુરુધા નિજસ્ય;
પૂરે ગતાગતજલાંબુધિનોપમેયં...ત્વામ્૦૩
બાહ્યાન્તરિન્દ્રિયગણશ્વસનાધિદૈવ,
વૃત્ત્યુદ્‌ભવસ્થિતિલયાનપિજાયમાનાન્;
સ્થિત્વા તતઃ સ્વમહસા પૃથગીક્ષમાણં...ત્વામ્૦ ૪
માયામયાકૃતિતમોઽશુભવાસનાનાં,
કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે;
નિર્બીજ સાંખ્યમતયોગગયુક્તિભાજં...ત્વામ્૦ ૫
દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુવાસનાનાં,
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયાઃ,
સાલંબસાંખ્યપથયોગસુયુક્તિભાજં...ત્વામ્૦૬
કામાર્તતસ્કરનટવ્યસનિદ્વિષન્તઃ,
સ્વસ્વાર્થસિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ;
નારાયણં પરમયૈવ મુદા સ્મરંતં...ત્વામ્૦ ૭
સાધ્વીચકોરશલભાસ્તિમિકાલકંઠ-
કોકા નિજેષ્ટવિષયેષુયથૈવ લગ્નાઃ;
મૂર્તૌ તથા ભગવતોઽત્ર મુદાતિલગ્નં...ત્વામ્૦ ૮

સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી,
યદ્વત્ક્ષુધાતુરજનશ્ચ વિહાય માનં;
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં...ત્વામ્૦ ૯

ધર્મસ્થિતૈરુપગતૈર્બૃહતા નિજૈક્યં,
સેવ્યો હરિઃ સિતમહઃસ્થિતદિવ્યમૂર્તિઃ,
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં...ત્વામ્૦ ૧૦

સદ્ગ્રંથનિત્યપઠનશ્રવણાદિસક્તં,
બ્રાહ્મીં ચ સત્સદસિ શાસતમત્ર વિદ્યાં;
સંસારજાલપતિતાખિલજીવબન્ધો !...ત્વામ્૦ ૧૧

ધર્મસ્ત્યાજ્યો ન કૈશ્ચિત્સ્વનિગમવિહિતો વાસુદેવે ચ ભક્તિ,
ર્દિવ્યાકારે વિધેયા સિતઘનમહસિ બ્રહ્મણૈક્યં નિજસ્ય;।
નિશ્ચિત્યૈવાન્યવસ્તુન્યણુમપિ ચ રતિં સંપરિત્યજ્ય સન્તસ્,
તન્માહાત્મ્યાય સેવ્યા ઈતિ વદતિ નિજાન્ ધાર્મિકો નીલકંઠઃ॥

## (બુધવાર) રાગ : ઠુમરી

ભજ માનસ ત્વં શ્રીહરિં હરિકૃષ્ણં પુરાણમ્..ભજ૦
માયાપરે નિલયે નિવસન્તં,

મુનિજનમંડલમંડિતમ્... હરિ૦૧
નવઘનમેચકમંગં દધાનં,
વામરિપુમદમારકમ્... હરિ૦૨
ભાસ્વદ્ દ્યુતિર્વસનૈ ર્વિલસન્તં,
બહુવિધભૂષણભૂષિતમ્... હરિ૦૩
ભુવિ શકુલાદ્યાકૃતિં વિદધાનં,
સ્વીયજનાનન્દદાયકમ્... હરિ૦૪
પ્રેમવતીવૃષલાલં વિશોકં,
દુર્ગપત્તનસંવાસિનમ્... હરિ૦૫
ઉન્મત્તગંગાજલે વિહરન્તં,
જ્ઞાનસુધાજનશંકરમ્... હરિ૦૬
બ્રહ્મપ્રિયં બ્રહ્મવ્રતધરવેષં,
બ્રહ્મવ્રતધરનાયકમ્.... હરિ૦૭
હંસરુચિરગમનં કંજનેત્રં,
ધર્મવંશાવનકારકમ્.... હરિ૦૮
નિષ્કામવર્ણિરચિતગીતગીતં,
નિષ્કામનરવ્રજશર્મદમ્... હરિ૦૯

## (ગુરુવાર) રાગ : પ્રહર્ષણીચવૃત્ત

મુક્તાનાં સદસિ સદા વિરાજમાનં,
પૂર્ણેન્દુપ્રવરમુખાબ્જપત્રનેત્રં;
મન્દારસ્થલરુહકુંદસારહારં,
ધર્માંગપ્રભવમહં હરિં પ્રપદ્યે...૧

અમ્ભોજધ્વજકલશાંકુશોર્ધ્વરેખા,
ગોપાદપ્રમુખસુલક્ષ્મપાદપદ્મં;
સામોદભ્રમરવિગુંજિતાવચૂલમ્...ધર્માંગ૦૨

ભક્તેભ્યો વિહિતસબીજસાંખ્યયોગં,
પ્રાવારપ્રચલિતકંચુકાભિરામં;
શ્રીખંડપ્રવરતમાલપત્રમીશમ્...ધર્માંગ૦૩

વિદ્યોતન્મણિમયહેમકુંડલશ્રી,
કર્ણાગ્રોત્તમકુસુમાવતંસરમ્યં;
શ્રીવત્સોલ્લસિતભુજાંતરં સદીશમ્...ધર્માંગ૦૪

સંસારપ્રશમનકારણપ્રતાપં,

બિભ્રાણં સુરુચિરમૌક્તિકીં ચ માલાં;
હસ્તાગ્રે સુલલિતમાલિકાં દધાનમ્...ધર્માંગ૦૫

શાંતાનાં વિદલિતમાનમત્સરાણાં,
કામાદિપ્રબલવિપક્ષનિર્જયાનાં;
સાધૂનામનિશમવેક્ષણીયરૂપમ્...ધર્માંગ૦૬
વેદાન્તૈરુદિતસુકીર્તિમાપ્તકામં;
જુષ્ટાંઘ્રિં વિજિતવિદૂષણૈ ર્મુનિન્દ્રૈઃ
બ્રહ્માંડસ્થપતિસુરેશ્વરૈકનાથમ્...ધર્માંગ૦૭

રમ્યાણાં વિમલસુવર્ણભૂષણાનાં,
શ્રીમત્તામવયવશોભયા દધાનં;
ધર્માન્તપ્રભવનવીનમેઘનીલમ્...ધર્માંગ૦૮

## (શુક્રવાર) રાગ : ઠુમરી

હર હર ગોપીનાથ ! મમ કષ્ટમ્ ॥હર.॥
સુરનર મુનિવર જલધર સુંદર, મારમહામદમાર..મમ૦
રાજીવલોચન પાપવિમોચન, દુર્ગપુરીસુવિહાર..મમ૦

હાટકભૂષણ હતજનદૂષણ, દિવ્યગુણાલયસાર..મમ૦
વૃષકુલનાયક સુરસુખદાયક, કુન્દકુસુમશુભહાર..મમ૦
મંગલકારણ ગતિજિતવારણ, પ્રેમવતીસુકુમાર..મમ૦
માનસમોદનદિતિસુતરોદન, ભૂમિનિવારિતભાર..મમ૦
વિશ્વવિભાવન દુર્મતિપાવન, કાલદવાનલહાર..મમ૦
સુરકુલરંજન નિત્યનિરંજન, ભાનુસુતાવિતનાર..મમ૦
બ્રહ્મપુરાસન જનહિતશાસન, નિષ્કામાનંદનિધાન..મમ૦

## (શનિવાર) રાગ : વિયોગિનીવૃત્ત

ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરુણાનિકેતનં;
વ્રતદાનતપઃક્રિયાફલં સહજાનંદગુરું ભજે સદા...૧

કરુણામયચારુલોચનં, શરણાયાતજનાર્તિમોચનં;
પતિતોદ્ધરણાય તત્પરં...સહજાનંદ૦૨

નિજતત્ત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વતઃ એવ દુર્ગમં;
ઈતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં...સહજાનંદ૦૩

વિધિશંભુમુખૈરનિગ્રહં, ભવપાથોધિપરિભ્રમાકુલં;

અપિધાર્ય મનો નરપ્રભં...સહજાનંદ૦૪

નિજપાદપયોજકીર્તનં, સતતં સ્યાદ્ભવજીવગોચરં;
ઈતિ યઃ કુરુતે કતૂત્સવં...સહજાનંદ૦૫

બહિરીક્ષણલોકમાનુષં, નિજદત્તામ્બકદર્શિનાંહરિં;
ભજનીયપદં જગદ્ગુરું...સહજાનંદ૦૬

શરણાગતપાપપર્વતં, ગણયિત્વા ન તદીય સદ્ગુણં;
અણુમપ્યતુલં હિ મન્યતે...સહજાનંદ૦૭

ભવવારિધિમોક્ષસાધનં, ગુરુરાજપ્રકટસ્વસંગમં;
પ્રકટીકૃતવાન્ કૃપાવશઃ...સહજાનંદ૦૮

ભગવન્ ! કૃપયા ત્વયા કૃતં, જનતાયામુપકારમીદશં;
ક્ષમતે પ્રતિકર્તુમત્રકઃકુરુતે દીનજનસ્તતોંડજલિમ્૦૯

मत्स्यं कूर्मं वराहं कपिलमथ हरिं वासुदेवं च वैन्यं
दत्तात्रेयं च हंसं नरहरिमृषभं वामनं पर्शुरामम्।
यज्ञं रामं कुमारं हयशिरसमथो नारदं राजराजं
व्यासं कृष्णं च बुद्धं धृतपुरुवपुषं नौमि नारायणं त्वां।।

# (રવિવાર) રાગ: અષ્ટપદીયમ્

તરુણં લોકય ચાતિકરુણં,
કૃષ્ણં પથિ હે સખીમં રંજનમ્... તરુણં૦
આહ્વયમાનં કલરવગાનં,
વિધુમુખબાલાનન્દનમ્... તરુણં૦૧
વપુષિ નીલે ગજગતિલીલે,
દધતં તુ કેસરચન્દનમ્... તરુણં૦૨
ચેતો હરન્તં સખિ વિહરન્તં,
કુસુમહારમીશમંડનમ્... તરુણં૦૩
ચંચલદષ્ટિં કૃતલોકસૃષ્ટિં,
અજિતમદનમદગંજનમ્... તરુણં૦૪
સુમનોનુડકૂલં મંગલમૂલં,
કુપથદેશિકમતખંડનમ્... તરુણં૦૫
ધૃતસિતવસનં મુખમિતહસનં,
વિધિભવદેવકૃતવન્દનમ્... તરુણં૦૬
ઉપચિતસેવં કવિવાસુદેવં,
તં પાતિ કલિકાલકંપનમ્... તરુણં૦૭

# થાળ : જમો થાળ જીવન

જમો થાળ જીવન જાઉં વારી,
ધોઓ કરચરણ કરો ત્યારી...જમો૦
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦ ૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પુરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦ ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦ ૪
ચળુ કરો લાવી હું જળઝારી, એલચી લવિંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો૦ ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો૦ ૬

## રાત્રીના ભોજનનો થાળ

રૂડી રાંધી મેં રસિયાજી, ખાંતે ખીચડી રે...રૂડી૦ ટેક.
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે...રૂડી૦ ૧
ઘી ઘણુંય જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા;
ચોપે શું ચોળાની કાજુ કરી વડી રે...રૂડી૦ ૨
દૂધ કઢી ને દહીં જમાવી, લલિત લવિંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે, કરી કઢી રે...રૂડી૦ ૩
દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે...રૂડી૦ ૪

## મુખવાસ થાળ

લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનન કી;
બીડી પાનન કી બીડી પાનન કી,
લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનન કી...ટેક૦
કાથો ચૂનો વારી, લવિંગ સોપારી,

એલચી મંગાવું મુલતાનન કી...લેતા૦ ૧
એક એક બીડી મોરી સાસુ નણંદ કી,
દૂસરી બીડી મોરે લાલન કી...લેતા૦ ૨
આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસારું,
બાજી ખેલાવું સારી રેનન કી...લેતા૦ ૩
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી,
એટલી અરજ તોરે દાસન કી...લેતા૦ ૪

## લાલ મનોહર લીજીએ

લાલ મનોહર લીજીએ મુખવાસ મોરારિ;
શ્યામ સોહાગી શામળા,જાઉં મુખ પર વારી...લાલ૦ ૧
જોઈએ તો લાવું જાયફળ, તજ સુંદર તાજી;
આરોગો મારા નાથજી, રસિયા થઈ રાજી...લાલ૦ ૨
લવિંગ સોપારી ને એલચી, કાથો ચૂનો મેળાવું;
નાગરવેલીના પાનની,કાજુ બીડી બનાવું...લાલ૦ ૩
હરિજન દર્શન કારણે, ઊભા ચહુ પાસ;
માવા મુખ તંબોળની, બ્રહ્માનંદને આશ...લાલ૦ ૪

# સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાઉં..૧

મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને..૨

આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે..૩

સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની..૪

ગાઉં હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજ્યો રે, પ્રભુજી બુદ્ધિ મારી..૫

સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે..૬

રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા..૭

બેવડી રાખી રે, બબે મણકા જોડે;

ફેરવે તાણી રે, કંઈક માળા તોડે..૮

વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા..૯

ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી..૧૦

## પદ-૨

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની..૧

નેત્રકમળને રે, રાખી ઉઘાડાં ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે..૨

ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતા જીવન રે, જન્મ મરણ દુઃખ ભાગે..૩

પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે..૪

ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે..૫

સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજાં;
તેમને જોઈ રે, મગન થાય મહારાજા..૬

તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય..૭

ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી..૮

આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે..૯

પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી..૧૦

## પદ-૩

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે, બેઠા ભવભયહારી..૧

જેને જોતાં રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ..૨

તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;

હરિ સમજાવે રે, નિજજનને સુખકારી..૩

યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત..૪

જ્યારે હરિજન રે, દેશ દેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુ વિધ લાવે..૫

જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ..૬

ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ..૭

ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને..૮

સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ..૯

પહેલી આંગળી રે, નેત્ર તણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન..૧૦

## પદ-૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી..૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે..૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી..૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે;
વાતો કરે રે, કથા વંચાય તોયે..૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે..૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રિસાવે..૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે..૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;

ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય..૮

થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની..૯

એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે..૧૦

## પદ-૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારિ;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી..૧

થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા..૨

ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ..૩

ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે..૪

ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી..૫

ઘણુંક બેસે રે, તકિયે ઓઠિંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને..૬

ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી..૭

ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ..૮

ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી..૯

ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્ત તણા પ્રતિપાળ..૧૦

## પદ-૬

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી..૧

ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે..૨

છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને..૩

રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ..૪

ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ..૫

અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો..૬

કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય..૭

અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણા દૃષ્ટિ રે, દેખી વાન જ વાળે..૮

ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી..૯

ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વ્હાલો રે, પ્રેમાનંદનો હેલી..૧૦

## પદ-૭

નિત્ય નિત્ય નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય..૧

સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વાલે..૨

ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે..૩

ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી..૪

પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ..૫

ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ..૬

શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડું હસતાં..૭

પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે ત્યારે;

દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે..૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી..૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે..૧૦

### પદ-૮

રૂડા શોભે રે, નાહીને ઊભા હોવે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે..૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણિ;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી..૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વ્હાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે..૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવાં;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા..૪
જમતા ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી..૫

જમણા પગને રે, રાખી ઊભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ..૬

રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ..૭

જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા..૮

તેમને આપી રે, પછી પોતે જમે;
જમતા જીવન રે, હરિજનને મન ગમે..૯

ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાયે રે, પ્રેમાનંદના નાથ..૧૦

## પદ-૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને..૧

મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે..૨

પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો..૩

વર્ષાઋતુ રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી..૪

સંત હરિજનને રે, સાથે લઈને શ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ..૫

બહુ જળક્રીડા રે, કરતાં જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય..૬

નાહીને બારા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી..૭

પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે..૮

ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર..૯

આવી બિરાજે રે, ઓસરીએ બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી..૧૦

## પદ-૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ..૧
ફળિયામાંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે..૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને..૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે..૪
સૂતાં સૂતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને..૫
ભૂલ ન પડે રે, કે દી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ..૬
ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય..૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ! પૂછે રે, સેવકને સુખધામ..૮

એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર..૯
જે કોઈ પ્રીતે રે, શીખશે સુણશે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે..૧૦

## ઓરા આવો શ્યામ સ્નેહી

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા...૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા...૨
અરુણકમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા...૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા...૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વ્હાલા...૫

જુગલચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા...૬

અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા...૭

ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા...૮

જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા...૯

એ જ અંગૂઠાને બારે, તિલ એક નૌતમ ધારું વ્હાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા.૧૦

## હવે મારા વાલાને (પદ-૧)

હવે મારા વાલાને નહિ રે વિસારું રે,
શ્વાસ ઉચ્છ્વાસે તે નિત્ય સંભારું રે...૧

પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે...૨

આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર નહિ મળે ખરચે નાણું રે...૩

એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે...૪

દુરિજન મન રે, માને તેમ કહેજો રે,
સ્વામી મારા હૃદયની ભીતર રહેજો રે...૫

હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે...૬

## પદ-૨

હવે મારા વહાલાના દર્શન સારુ,
હરિજન આવે હજારે હજારું...૧

ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી...૨

સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ...૩

દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી...૪

તાળી પાડે ઊપડતી અતિ સારી,
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી...૫

પાઘડલીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે...૬

પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી...૭

ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી...૮

## વંદું સહજાનંદ (પદ-૧)

વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.

સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ.

જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ.
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ.

## પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ.
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ.
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ.
વહાલા તારી ભ્રૂકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.

## પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વહાલમાં રે લોલ;
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ.

વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ.

વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ કરી ચાવતા રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ.

વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ.

## પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.

વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ.

વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.

રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.

## પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.

વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.

વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારે હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.

વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ.

## પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.

વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલવતા રે લોલ.

વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ.

આવો મારા રસિયા રાજીવનેણ, મરમ કરી બોલતા રે લોલ;
આવો વ્હાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ.

## પદ-૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ.

વહાલા તારી નાભિ નૌતમરૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ.

વહાલા તારી જંઘા જુગલની શોભા,મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ.

વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વ્હાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ.

## પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિકોમળ અરુણ રસાળ,ચોરે ચિત્ત ચાલમાં રે લોલ.

વહાલા તારે જમણે અંગૂઠે તિલ,કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક,જોવાને મન દીન છે રે લોલ.

વહાલા તારા નખની અરુણતા જોઈ, શશિકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ.

વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ.

## રે શ્યામ તમે સાચું નાણું

રે શ્યામ તમે સાચું નાણું,બીજું સર્વે દુઃખદાયક જાણું;
રે શ્યામ...ટેક૦

રે તમ વિના સુખ સંપત ક્હાવે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે...રે શ્યામ૦૧

રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી...રે શ્યામ૦૨

છે અખંડ અલૌકિક સુખ સારું, તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું...રે શ્યામ૦૩

રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું...રે શ્યામ૦૪

# અક્ષરના વાસી વહાલો

અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર,
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ..અક્ષર૦ ટેક.

અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો,
હરિજનને કોલ કલ્યાણનો આપ્યો રાજ..અક્ષર૦૧

પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગાથે કીધી સાચી સગાઈઓ રાજ..અક્ષર૦૨

બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ..અક્ષર૦૩

દેવોના દેવ વહાલો ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદસ્વામી રાજ..અક્ષર૦ ૪

પ્રેમાનંદનો વ્હાલો આનંદકારી,
પોતાના જનની વાલે લાજ વધારી રાજ..અક્ષર૦૫

# મારા વાલાજી શું (પદ-૧)

મારા વાલાજી શું વાલપ દીસે રે,
તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે...ટેક૦

સન્મુખ જાતાં શંકા ન કીજે,
મર ભાલા તણા મે વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે,
કાચી તે કાયા પડશે રે...તેનો૦ ૧

શૂળી ઉપર શયન કરાવે,
તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે,
તેનું સુખ દુઃખ સર્વે સહીએ રે...તેનો૦ ૨

અમૃતપેં અતિ મીઠાં મુખથી,
હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા,
જેનાં દર્શન કરવાને આવે રે...તેનો૦ ૩

નરક કુંડથી નરસું લાગે,
દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે,
વહાલા વાસ દેજો હરિજનમાં રે...તેનો૦ ૪

## પદ-૨

મારા હરજી શું હેત ન દીસે રે,
તેને ઘેર શીદ જઈએ;
તેને સંગે શીદ રહીએ રે...ટેક૦

હેત વિના હુંકારો ન દેવો,
જેનું હરખે શું હૈયું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે,
જેની આંખ્યુમાં પ્રેમ ન દીસે રે...તેને૦ ૧

ભક્તિ ભાવનો ભેદ ન જાણે,
ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે,
પછી ઉલેચી અંધારું ટાળે રે... તેને૦ ૨

નામ તણો વિશ્વાસ ન આવે,
ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને,
પછી તટમાં જઈને કૂપ ખોદે રે... તેને૦ ૩

પોતાના સરખી કરીને જાણે,
પુરુષોત્તમની કાયા રે;
નરસૈંયાના સ્વામીની લીલા,
ઓલ્યા મતિયા કહે છે માયા રે... તેને૦ ૪

## પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ (૨)
સંતન કે વિશ્રામ...પોઢે૦ ૧

અક્ષરપર આનંદઘન પ્રભુ,
કીયો હૈ ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા (૨)
લહત અક્ષરધામ...પોઢે૦ ૨

શારદ શેષ મહેશ મહામુનિ,
જપત જેહી ગુનનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી (૨)
હોવત જન નિષ્કામ...પોઢે૦ ૩

પ્રેમ કે પર્યંક પર પ્રભુ,
કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરનઢિગ ગુન (૨)
ગાવત આઠો જામ...પોઢે૦ ૪

## પોઢો પોઢો સહજાનંદ સ્વામી

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અખિયામાં નીંદરા ભરાણી રે...પોઢો૦૧

હાં રે તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી બનાતની ટોપી ધારો રે...પોઢો૦૨

હાં રે તમે જરકસી જામો ઉતારો રે,
પછી હીરકોરી ધોતી ધારો રે...પોઢો૦૩

હાં રે તમે કેડનો પટકો છોડો રે,
પછી શાલ દુશાલા ઓઢો રે...પોઢો૦૪
હાં રે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
સખી જોઈ જોઈ આનંદ પામી રે...પોઢો૦૫

## ઓરડા (પદ-૧)

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ..૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ..૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર..૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર..૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર..૫

પહેરી પ્રીતશું રે, સુરંગી સુથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ..૬

ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય..૭

મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો ના'વે તેને તુલ્ય..૮

રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ..૯

## પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઊપજ્યો અતિ સ્નેહ..૧

પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર..૨

બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર..૩

બાજુ બેરખા રે, બાંયે કપૂરના શોભિત;

કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત..૪

સર્વે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતાં કમળ નયનની કોર..૫

હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ..૬

અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર..૭

વાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગિયા અગણિત સૂર..૮

કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ..૯

## પદ-૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન..૧

મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત..૨

મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ..૩

અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય..૪

તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર..૫

જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન..૬

અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય..૭

એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી..૮

હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ..૯

## પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ..૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ..૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારી પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ..૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર..૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ..૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ..૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ..૭

શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનનાં કાજ..૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર..૯

## આજ સખી આનંદની (પદ-૧)

આજ સખી આનંદની હેલી,
હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી....૧
મહા રે મુનિનાં ધ્યાનમાં નાવે,
તે રે શામળિયોજી મુજને બોલાવે....૨
જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે,
તે રે શામળિયોજી મુજને રે પ્રીછે....૩
ન ગઈ ગંગા ગોદાવરી કાશી,
ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી...૪
તપ રે તીરથમાં હું કંઈ નવ જાણું,
સહેજે સહેજે હું તો સુખડાં રે માણું....૫

જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા,
વાતની વાતે વાલો અઢળક ઢળિયા....૬

## પદ-૨

મહેર કરી મારે મંદિર આવ્યા,
થાળ ભરીને મોતીડે વધાવ્યા..૧
આનંદ અંગે ન માય મારી બેની,
હરિવર ભેટતાં લજ્જા રે શાની...૨
દુરિજન મન રે માને તેમ કહેજો,
સ્વામીજી મારા રુદિયામાં રહેજો....૩
જે રે જોઈએ તે માગજો માવા,
ત્રિકમ તમને હું નહિ દઉં જાવા....૪
મુખથી તે ઝાઝું શું કહી દાખું,
હરિવર મારા રુદિયામાં રાખું....૫
કોણ રે પુણ્યે હું તો હરિવર પામી,
ભલે મળ્યા જેરામના સ્વામી....૬

## પદ-૩

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે,
સ્વામિનારાયણ મળિયા રે ત્યારે...૧

નેણે મોહનવર નીરખ્યા જ્યારે,
પૂરણકામ થયું મારું ત્યારે...૨
પ્રેમે કરી મંદિર પધરાવ્યા,
શ્યામ સુંદરવર મનડે રે ભાવ્યા...૩
નીરખી નારાયણ મૂર્તિ જ્યારે,
ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે...૪
કેસર ચંદન ચરચ્યું છે ભાલે,
હસતાં સુંદર ખાડા પડે છે ગાલે...૫
કાનુંમાં કુંડળ મકરાકાર શોભે,
જેરામ કહે મન જોઈ જોઈ લોભે...૬

## પદ-૪

શિર પર કેશ શોભે અતિ સારા,
મોહનવર મારી આંખોના તારા...૧
ભ્રકુટિ કુટિલ શોભી રહી સારી,
જોઈ જોઈ મોહી સર્વે વ્રજનારી...૨
હાર હૈયામાં પહેર્યા વનમાળી,

ભ્રમર આવે તિયાં સુગંધ ભાળી...૩

બે સ્તન શ્યામ શોભે અતિ સારા,
જાણે ઊગ્યા આકાશમાં તારા...૪

નાભિ નૌતમ ઊંડી છે ભારી,
બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી...૫

જાનુ જુગલ શોભે અતિ સારા,
જેરામ કહે દેખે દાસ તમારા...૬

## સર્વે સખી જીવન (પદ-૧)

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે...૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે...૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે...૩
મળ્યાં આવે મહામુનિનાં વૃન્દ રે,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ રે...૪

શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે,
નૃત્ય કરી નારદ વીણા બજાવે રે...૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે...૬

## પદ-૨

જુવો છબી શ્યામ સુંદરવર કેરી રે,
હીરની નાડી સુથણલી સોનેરી રે...૧
જરકસી જામો બુટ્ટાદાર રે,
કસિયો કમર સોનેરી કટાર રે...૨
શિર પર પાઘ પેચાળી નવરંગી રે,
કાને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે...૩
ગજરા તોરા ગળે ગુલાબના હાર રે,
આવી ઉપર ભ્રમર કરે છે ગુંજાર રે...૪
પોંચી કડાં બાંયે બાજુબંધ રે,
નંગ જડ્યાં કુંડળ મોતીનાં વૃંદ રે...૫
વેગે જુઓ વરણાગિયો વનમાળી રે,
શીતળ થાયે ભૂમાનંદ કે' ભાળી રે...૬

## પદ-૩

મૂર્તિ ચંચળ જુઓ ચટકંતી ચાલ રે,
નેત્ર છડી કરમાં ફૂમકિયાળી લાલ રે...૧
મંદ હાસ ચપળ નેણાં ચિત્ત ચોરે રે,
કરનાં લટકાં કરી કાળજડાને કોરે રે...૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે,
અધર ધરી મોરલી મનોહર વાય રે...૩
ઝળકે ભાલ વિશાળ શોભાનું ધામ રે,
નાસા અણિયાળી ભ્રમર અતિ શ્યામ રે...૪
અધર લાલ માંહી મધુરું હાસ રે,
દંત પંક્તિ કરે અતિશે પ્રકાશ રે...૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે,
તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે...૬

## પદ-૪

ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમોલવાસી રે,
જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે...૧
જુઓ જીવ મોહ નિદ્રામાંથી જાગી રે,

વરી એને થાઓ અખંડ સોહાગી રે...૨
જોતાં વાટ આવી મારે જાન રે,
પોતે વર પુરુષોત્તમ ભગવાન રે...૩
શુક સનકાદિક ધરે જેનું ધ્યાન રે,
મારાં લોચન કરે તે મુખડાનું પાન રે...૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે,
ચોટ્યું મારું સુંદરવરમાં ચિત્ત રે...૫
હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે,
ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે...૬

## મારે આજ પ્રીતમ

મારે આજ પ્રીતમ ઘેર આવશે,
મને હેતે કરીને બોલાવશે જીરે...મારે૦ ટેક.
એના સાથીડાને સાથે લાવશે,
કરી લટકાં તાળી દઈ ગાવશે જીરે...મારે૦૧
હરિ હેતે કરીને સામું ભાળશે,
રંગડાની તે રેલું વાળશે જીરે...મારે૦૨

કરી ખ્યાલ અલૌકિક ખેલશે,
માથે ફૂલડાનાં છોગલાં મેલશે જીરે...મારે૦૩
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો,
સુખ દેશે આવીને ઉતાવળો જીરે...મારે૦૪

## લટકાળો લટકંતો રે આવે

લટકાળો લટકંતો રે આવે,
મોહન મોરલી વાતો રે...લટકાળો...ટેક૦
સખાને સંગે અતિ ઉછરંગે,
ગીત મધુરાં ગાતો રે...લટકાળો૦ ૧
કેસરીએ વાઘે કસુંબલ પાઘે,
કેસર રંગમાં રાતો રે...લટકાળો૦ ૨
ફૂલડાંના તોરા ગજરા ને ટોપી,
ફૂલડાંને હારે ફુલાતો રે...લટકાળો૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળિયો,
આવે અમીરસ પાતો રે...લટકાળો૦ ૪

# મને પ્યારી લાગે મૂર્તિ તમારી

મને પ્યારી લાગે મૂર્તિ તમારી,
ઘનશ્યામજી પ્યારી લાગે મૂર્તિ તમારી-ટેક૦

કુંકુમનો ચાંદલો ને ભાલે તિલક વચ્ચે,
હાં રે તમે ભાળોને ભ્રમણા ભુલાવી...ઘનશ્યામજી૦૧

કાને કુંડળ હરિને માથે મુગટ શોભે,
હાં રે કંઠે ધારી માણેક જડી માળા...ઘનશ્યામજી૦૨

જામો જરિયાની પહેર્યો સોનેરી સુરવાળ છે,
હાં રે તમારી કેડે કસ્યો છે કંદોરો...ઘનશ્યામજી૦૩

મૂર્તિમાં મગ્ન થઈ ચરણોમાં ચિત્ત દઈ,
હાં રે જાય દાસ નારાયણ વારી...ઘનશ્યામજી૦૪

## સુંદર શ્રી ઘનશ્યામ

સુંદર શ્રી ઘનશ્યામ મારા, મન મંદિરમાં આવો રે;
અંતર દાઝી રહ્યું છે વ્હાલા, દર્શનનો ઘો લાવો રે...૧

અપરાધી છું જનમ જનમનો, દયા હવે કંઈ લાવો;
જૂઠા જગતમાં ભૂલો પડ્યો છું, રસ્તો કંઈક બતાવો રે...૨

પીળાં પીતાંબર જરકસી જામો, મુગટ ધારી આવો;
એકવાર પ્રભુ દર્શન આપી, ભક્તિ નાદ ગજાવો રે...૩

રોજ ઊઠી શું કહેવું પ્રભુજી, એક દિવસ તો આવો;
દીનદયાળુ દર્શન આપો, શું અમને તલસાવો રે...૪

સ્વામિનારાયણ હૃદયમાં આવો, ત્રિવિધ તાપ શમાવો;
હૈયા હીણો આવ્યો આંગણિયે, મારા મનને ભાવો રે...૫

## શ્રીજી અને સહુ સંતો રે

શ્રીજી અને સહુ સંતો રે, મળી કરજો મારી સહાય;
હું છું તમારે શરણે રે, પુરુષોત્તમ લાગું પાય...ટેક૦

હું અનંત ભવમાં ભટક્યો, આવી ઈયાં રે અટક્યો;
ખરી રીતે રાખી ખટકો, છોગાળા કરજો છૂટકો રે..પુ૦૧

નથી ગયો હું ગંગા કાશી, તેણે અંતર નથી ઉદાસી;
નક્કી અક્ષરધામ નિવાસી, મેંઓળખિયા અવિનાશી રે..પુ૦૨

મને મળ્યા સહજાનંદસ્વામી, ભાંગી જન્મોજન્મની ખામી;
નારાયણ છો બહુનામી, ઉગારો અંતર્યામી રે..પુ૦૩

પ્રભુ પૂરણ પ્રજાળી પાપો, સ્થિર અક્ષરધામે સ્થાપો;
કહે માવદાન દુઃખ કાપો, અમને અક્ષયસુખ આપો રે.. પુ.૦૪

## રૂડા લાગો છો

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે-રૂડા..ટેક૦

જરકસિયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી,
ગૂઢો રેંટો ઓઢી મન લલચાવતા રે...રૂડા૦૧

હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે... રૂડા૦૨

કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;

ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે...રૂડા૦૩

પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ સમાવતા રે...રૂડા૦૪

## મને ઉગારો હે સ્વામી

મને ઉગારો હે સ્વામી, મને સુધારો હે સ્વામી;
હૈયાના હાર ઓ મારા પ્યાર,
તમે સમર્થ સ્વામી છો...મને૦ ટેક.

મને શરણે રાખો સ્વામી, દુઃખ ટાળી નાખો સ્વામી;
તમો મારા જીવન પ્રાણ,
દુઃખ જાણો છો સુજાણ...મને૦૧

મારે એક તમે રહો સ્વામી, મારી ટેક સદા રહો સ્વામી;
મને સુખ તમારું દેજો,
બીજી વાસના બાળી દેજો...મને૦૨

કહે જ્ઞાનજીવન હે સ્વામી, આપું તન મન ધન હે સ્વામી;
મારી ટાળી ખામી વાલમ,
મને મળજો મારા પ્રીતમ...મને૦૩

# ચાલ ઘના ચાલ

ચાલ ઘના ચાલ, મારી સાથે રમવા ચાલ;
સાથે રમી લાલ મને કરી દે નિહાલ...ચાલ૰૧

ઘનશ્યામ તારી સાથે હું તો, નાચું કૂદું આજ;
સુખનો સાગર શ્રીહરિ, તું સર્વોપરી મહારાજ;
તારી સાથે રમતાં હું તો,
થઈ જાઉં માલામાલ...ચાલ૰૨

ક્રિકેટ કબડ્ડી ખોખો રમીએ, રમીએ વોલીબોલ;
કઈ કઈ રમત ગમશે તને, બોલ ઘના તું બોલ;
ઝાલી પાડું હું તને તું,
મને ઘના ઝાલ...ચાલ૰૩

ઘના તું તો બળિયો બહુ, માર્યા રાવણ કંસ;
કાલીદત્તાદિ ગુંડાનો, નાશ કર્યો છે વંશ;
જ્ઞાનજીવનના વ્હાલા આવો,
પાડી દઈએ તાલ...ચાલ૰૪

# વડતાલવાસી તમારો પ્યાર

વડતાલવાસી તમારો પ્યાર, મળ્યો છે મુજને વારંવાર;
આંખલડીના તારા છો હરિકૃષ્ણ વ્હાલા.
મને બહુ પ્યારા છો હરિકૃષ્ણ વ્હાલા...ટેક૦

કર્યાં કરોડો કામો, અમારાં તમે કરુણા કરીને;
રાખી છે ખબર અમારી, પળે પળ તમે કરુણા કરીને;
દયાળુ છો, માયાળુ છો, દુઃખ હરનારા છો...હરિ૦૧

સુખ સદાયે દેજો, રહેજો રાજી સદાયે હે સ્વામી;
દયા કરીને ટાળો, મારા મનના વિકારો હે સ્વામી;
સમર્થ છો, સર્વોપરી છો, સહુથી તમે ન્યારા છો...હરિ૦૨

ધ્યાન તમારું ધરું, સદા હૈયે હું રાખું તમોને;
જ્ઞાનજીવનના વા'લા, સદા સંભારું શ્રીજી તમોને;
અલૌકિક છો, સાકાર છો, ભક્તિના દુલારા છો...હરિ૦૩

# વડતાલમાં બિરાજ્યા

વડતાલમાં બિરાજ્યા વડતાલમાં,
હરિકૃષ્ણજી બિરાજ્યા વડતાલમાં...
આવો દર્શન દેવાને મારા વ્હાલમા...હરિકૃષ્ણજી..ટેક૦

મુખે મંદ મંદ હસો તમે હેતમાં,
જ્યારે હસો ત્યારે, ખાડા પડે ગાલમાં...હરિ૦૧

આંખો અતિ રે રૂપાળી તારી નમણી,
રૂડો ચાંદલિયો, શોભે છે તારા ભાલમાં...હરિ૦૨

રૂડા વાઘા રે પહેર્યા છે તમે શોભતા,
સંતો મોહી રે, રહ્યાં છે તારી ચાલમાં...હરિ૦૩

જ્ઞાનજીવન કહે હરિ સર્વોપરી છો,
આખા સંપ્રદાયના, તમે એક વાલમા...હરિ૦૪

## ફગવા

ત્યારે રાજ કહે રાજી છઈયે,
માગો મન માન્યું અમે દૈયે;
ત્યારે બોલ્યા જન જોડી હાથ,
તમ પાસે એ માંગીએ નાથ...૦૧

મહા બળવંત માયા તમારી,
જેણે આવરિયાં નરનારી;
એવું વરદાન દીજિયે આપે,
એહ માયા અમને ન વ્યાપે...૦૨

વળી તમારે વિષે જીવન,
ના'વે મનુષ્યબુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ,
તેને સમજું અલૌકિક ખ્યાલ...૦૩

સત્સંગી જે તમારા કહાવે,
તેનો કે'દી અભાવ ન આવે;

દેશ કાળ ને ક્રિયાએ કરી,
કે'દિ તમને ન ભૂલીએ હરિ...૦૪

કામ ક્રોધ ને લોભ કુમતિ,
મોહ વ્યાપીને ન ફરે મતિ;
તમને ભજતાં આડું જે પડે,
માગીએ એ અમને ન નડે...૦૫

એટલું માગીએ છીએ અમે,
દેજ્યો દયા કરી હરિ તમે;
વળી ન માગીએ અમે જેહ,
તમે સુણી લેજ્યો હરિ તેહ...૦૬
કે'દી દેશો મા દેહાભિમાન,
જેણે કરી વિસરો ભગવાન;
કે'દી કુસંગનો સંગ મ દેજ્યો,
અધર્મ થકી ઉગારી લેજ્યો...૦૭
કે'દી દેશો મા સંસારી સુખ,
દેશો મા પ્રભુ વાસ વિમુખ;

દેશો મા પ્રભુ જક્ત મોટાઈ,
મદ મત્સર ઈરષા કાંઈ...૦૮

દેશો મા દેહ સુખ સંયોગ,
દેશો મા હરિજનનો વિયોગ;
દેશો મા હરિજનનો અભાવ,
દેશો મા અહંકારી સ્વભાવ...૦૯

દેશો મા સંગ નાસ્તિકનો રાય,
મેલી તમને જે કર્મને ગાય;
એ આદિ નથી માગતા અમે,
દેશો મા દયા કરીને તમે...૧૦

પછી બોલિયા શ્યામ સુંદર,
જાઓ આપ્યો તમને એ વર;
મારી માયામાં નહિ મૂંઝાઓ,
દેહાદિકમાં નહિ બંધાઓ...૧૧

મારી ક્રિયામાં નહિ આવે દોષ,
મને સમજશો સદા અદોષ;

એમ કહ્યું થઈ રળિયાત,
સહુએ સત્ય કરી માની વાત...૧૨

દીધા દાસને 'ફગવા' એવા,
બીજું કોણ સમર્થ એવું દેવા;
એમ રમ્યા રંગભર હોળી,
હરિ સાથે હરિજન ટોળી...૧૩

## સ્તુતિ

નમો નમો નિરંજનમ્, સુરારિગર્વગંજનમ્ ।
નમોસ્તુ ભક્તવલ્લભં, દિનેશ શેષ દુર્લભમ્ ॥
નમોસ્તુ આદિકારણં, અનંતઅંડધારણમ્ ।
નમો નમો પરાત્પરં, મુનીશ મંગલંકરમ્ ॥

અધર્મવંશનાશનં, સુધર્મતા પ્રકાશનમ્ ।
વિદારવા સુરારિને, નિમિત્ત એ જ ધારીને ॥

ધર્યો મનુષ્ય દેહ છે, સુધન્ય ધર્મ ગેહ છે ।
નમોસ્તુ પુત્ર ભક્તિના, સુસેવ્ય સર્વ શક્તિના ॥

અનાદિ આપ એક છો, વિશેષણે અનેક છો ।
તમારી દૃષ્ટિ થાય છે, સુસૃષ્ટિ આ સૃજાય છે ॥
સ્વયંભૂ વિષ્ણુ શંકરે, તમો થકી તનુ ધરે ।
નિદેશને અનુસરે, સૃજે સ્થિતિ પ્રલે કરે ॥
તમે જ સર્વશીશ છો, તમે જ ઈશ ઈશ છો ।
સુભક્ત કષ્ટ કાપવા, અનેક સૌખ્ય આપવા ॥
દિલે ઘણી ધરી દયા, અમારી દૃષ્ટિયે થયા ।
નમામિ સંત પાલકં, ભજામિ ભક્તિ બાલકમ્ ॥

## પ્રાર્થના

નમન હું કરું વિશ્વપાળને,
કરગરી કહું ભક્તિબાળને;
અરજ માહરી ઉરમાં ધરો,
વિપત્તિ માહરી શ્રીહરિ હરો...૧
અવર આશરો માહરે નથી,
સર્વ જાણને શું કહું કથી;

કઠણ કાળમાં આપ છો ધણી,
સુખદ શ્યામળા મુક્તના મણી... ૨
અમરના પતિ આશ તાહરી,
રસિક રાખજો લાજ માહરી;
પ્રણતપાળ છો સર્વના પ્રભુ,
દીનદયાળ છો વિશ્વના વિભુ... ૩
વિમળ મૂર્તિ ઉરમાં વસો,
નજરથી પ્રભુ દૂર ન થશો;
અધિક ત્રાસને તોડી નાખજો,
નારાયણદાસને પાસ રાખજો... ૪

## ગોપાળાનંદસ્વામીના મહિમા વિશે શ્લોકો

*શાર્દૂલવિક્રીડિત :*

જેના રોમ સુછિદ્રમાં અણુસમાં, બ્રહ્માંડ કોટિ ફરે;
જે વ્યાપી જડ જીવ ઈશ્વરમહિ, રહે છે પ્રકાશીપણે;
જે નારાયણમૂર્તિમાં મળી રહી, સાથે રહે નેમથી;
તે ગોપાળમુનિંદ્રનાં ચરણમાં, નિત્યે નમું પ્રેમથી.

આઠે અંગ સુયોગ સિદ્ધ કરીને, ધ્યાને ધરે શ્રીહરિ,
આપેલા અદભુત પ્રૌઢ પરચા, શ્રીજી પ્રતાપે કરી;
આપેલી પદવી પ્રતિનિધિ તણી, પોતે પ્રભુએ વળી,
શ્રીગોપાળ મુનીંદ્ર યોગીવરને, પાયે પડું છું લળી.

*સ્ત્રગ્ધરાવૃત્ત :*

સાધ્યો અષ્ટાંગયોગ પ્રગટ હરિ તણી પ્રીતિ માટે પ્રયત્ને;
શોધિવેદાંતતત્ત્વો સકલ ગૃહિલિધા જેમ સિંધુથી રત્ને;
આધિ વ્યાધિ ઉપાધિ પ્રણતજન તણી ટાળી કિધી સમાધિ;
ગોપાળાનંદસ્વામી સકળગુણનિધિ વંદુ માયા અબાધિ.

જેને શ્રીભક્તિપુત્રે નિજજન બહુના ઉપરી આપ કીધા,
બંને આચાર્યકેરા ઉપરી કરી વળી હાથમાં હાથ દીધા;
જેનો સદ્બોધ પામી વટપુરપતિયે સાર લીધો ધરીને,
ગોપાળાનંદસ્વામી સકળગુણનિધિ વંદુ પ્રેમે કરીને.

**यस्यातिप्रेमरज्वा व्यवधृतचरणः श्रीहरिर्धर्मपुत्रो,
यत्किञ्चित्कार्यमात्रेक्वचिदपिनहियात्येवयस्मात्पृथक्त्वम् ।
भूमिर्गन्धेनयद्वत् वृषतनुजनुषा तेनसंबन्धमाप्तम्,
गोपालानन्दसंज्ञं मुनिवरमनघं नौमि नित्यं शरण्यम् ।।**

योऽद्राक्षीदक्षराख्ये सितघनमहसो मंडले मेघनीलम् ,
नानालंकारयुक्तं विलसितवसनं मुक्तवृन्दैश्च जुष्टम् ।
मातुर्गर्भागते: प्रागपि निजसुहृदं सच्चिदानंदरुपम् ,
गोपालानंदसंज्ञं मुनिवरमनघं नौमि नित्यं शरण्यम् ॥

यस्मै श्रीस्वामिनारायणमुनिपतिना संप्रदाये महत्ता,
दत्ताऽग्रे त्वात्मीयानां गुरुमुनिगृहिणामात्मतुल्या समन्तात् ।
मर्यादा येन बद्धा सकलजनसुखायैव सद्धर्मगोप्त्री,
गोपालानंदसंज्ञं मुनिवरमनघं नौमि नित्यं शरण्यम् ॥

## સ્વામિનારાયણ નામનો મહિમા

જે સ્વામિનારાયણ નામ લેશે,
તેનાં બધાં પાતક બાળી દેશે ॥
છે નામ મારાં શ્રુતિમાં અનેક,
સર્વોપરી આજ ગણાય એક ॥૧॥

જો સ્વામિનારાયણ એકવાર,
રટે બીજાં નામ રટ્યાં હજાર ॥
જપ્યા થકી જે ફળ થાય એનું,

કરી શકે વર્ણન કોણ તેનું ॥૨॥

ષડ્‌ક્ષરી મંત્ર મહા સમર્થ,
જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ ॥
સુખી કરે સંકટ સર્વ કાપે,
અંતે વળી અક્ષરધામ આપે ॥૩॥

ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ,
જાણે જ જેનો મહિમા મહેશ ॥
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય,
આ કાળમાં તો જપ એ જ થાય ॥૪॥

જો અંતકાળે શ્રવણે સુણાય,
પાપી તણો તે પણ મોક્ષ થાય ॥
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે,
તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે ॥૫॥

તે મંત્ર જેના મુખથી જપાય,
તેના થકી તો જમ નાસી જાય ॥
શ્રી સ્વામિનારાયણ જે કહેશે,
ભાવે કુભાવે પણ મોક્ષ લેશે ॥૬॥

ષડ્ક્ષરો છે ષટ્શાસ્ત્ર સાર,
તે તો ઉતારે ભવસિંધુ પાર ॥
છયે ઋતુમાં દિવસે નિશાયે,
સર્વે ક્રિયામાં સમરો સદાયે ॥૭॥
પવિત્ર દેહે અપવિત્ર દેહે,
તે નામ નિત્યે સ્મરવું સનેહે ॥
જળે કરીને તન મેલ જાય,
આ નામથી અંતર શુદ્ધ થાય ॥૮॥
જેણે મહાપાપ કર્યાં અનંત,
જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત ॥
તે સ્વામિનારાયણ નામ લેતાં,
લાજી મરે છે મુખથી કહેતાં ॥૯॥
શ્રી સ્વામિનારાયણ નામ સાર,
છે પાપને તે પ્રજળાવનાર ॥
પાપી ઘણું અંતર હોય જેનું,
બળ્યા વિના કેમ રહે જ તેનું ॥૧૦॥

# પુરુષ સૂક્તમ્

હરિઃ ૐ સહસ્રશીર્ષા પુરુષઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ॥
સ ભૂમિં ગૂં સર્વતસ્પૃત્વા ત્યતિષ્ઠદ્ દશાંગુલમ્ ॥૧॥

પુરુષ એવેદ ગૂં સર્વં યદ્ભૂતં યચ્ચ ભાવ્યમ્ ॥
ઉતામૃતત્વસ્યેશાનો યદન્નેનાતિરોહતિ ॥૨॥

એતાવાનસ્ય મહિમાતો જ્યાયાઁશ્ચ પુરુષઃ ॥
પાદોસ્ય વિશ્વાભૂતાનિ ત્રિપાદસ્યામૃતં દિવિ ॥૩॥

ત્રિપાદૂર્ધ્વ ઉદૈત્પુરુષઃ પાદોસ્યેહાભવત્પુનઃ ॥
તતો વિષ્વઙ્વ્યક્રામત્સાશનાનશને અભિ ॥૪॥

તતો વિરાડજાયત વિરાજો અધિ પૂરુષઃ ॥
સ જાતો અત્યરિચ્યત પશ્ચાદ્ ભૂમિમથો પુરઃ ॥૫॥

તસ્માદ્યજ્ઞાત્સર્વહુતઃ સમ્ભૃતં પૃષદાજ્યમ્ ॥
પશૂન્ તાઁશ્ચક્રે વાયવ્યાનારણ્યા ગ્રામ્યાશ્ચ યે ॥૬॥

તસ્માદ્યજ્ઞાત્સર્વહુત ઋચઃ સામાનિ જજ્ઞિરે ॥

છન્દાંગૂંસિ જજ્ઞિરે તસ્માદ્યજુસ્તસ્માદજાયત ॥૭॥
તસ્માદશ્વા અજાયન્ત યે કે ચોભયાદતઃ ॥
ગાવો હ જજ્ઞિરે તસ્માત્તસ્માજ્જાતા અજાવયઃ ॥૮॥
તં યજ્ઞં બર્હિષિ પ્રૌક્ષન્ પુરુષં જાતમગ્રતઃ ॥
તેન દેવા અયજન્ત સાધ્યા ઋષયશ્ચ યે ॥૯॥
યત્પુરુષં વ્યદધુઃ કતિધા વ્યકલ્પયન્ ॥
મુખમ્ કિમસ્યાસીત્ કિમ્બાહૂ કિમૂરુ પાદા ઉચ્યેતે ॥૧૦॥
બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્ બાહૂ રાજન્યઃ કૃતઃ ॥
ઉરુ તદસ્ય યદ્ વૈશ્યઃ પદ્ભ્યાં ગૂં શૂદ્રો અજાયત ॥૧૧॥
ચન્દ્રમા મનસો જાતશ્ચક્ષોઃ સૂર્યો અજાયત ॥
શ્રોત્રાદ્ વાયુશ્ચ પ્રાણશ્ચ મુખાદગ્નિરજાયત ॥૧૨॥
નાભ્યા આસીદન્તરિક્ષગૂં શીર્ષ્ણો દ્યૌઃ સમવર્તત ॥
પદભ્યાં ભૂમિર્દિશઃ શ્રોતાત્તથા લોકઁ અકલ્પયન્ ॥૧૩॥
યત્પુરુષેણ હવિષા દેવા યજ્ઞમતન્વત ॥
વસન્તોઽસ્યાસીદાજ્યં ગ્રીષ્મ ઈધ્મઃ શરદ્ધવિઃ ॥૧૪॥
સપ્તાસ્યાસન્ પરિધયસ્ત્રિઃસપ્ત સમિધઃ કૃતાઃ ॥

દેવા યદ્યજ્ઞં તન્વાના અબધ્નન્ પુરુષં પશુમ્ ॥૧૫॥
યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ॥
તેહ નાકં મહિમાનઃ સચન્ત યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ॥૧૬॥

## શ્રી જનમંગલ સ્તોત્ર

નમોનમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગન્ધપુષ્પહારાદ્યૈ ર્વિવિધૈરુપહારકૈઃ ।
સમ્પૂજિતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્યઃ ફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥
અસ્યશ્રીજનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશત
નામસ્તોત્રમન્ત્રસ્ય શતાનન્દ ઋષિઃ ।
અનુષ્ટુપ્ છન્દઃ । ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા ।
ધાર્મિક ઇતિ બીજમ્ । બૃહદ્વ્રતધર ઇતિ શક્તિઃ ।

ભક્તિનન્દન ઈતિ કીલકમ્ ।
ચતુર્વર્ગસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ ।

## ॥ અથ ધ્યાનમ્ ॥

વર્ણિવેષરમણીયદર્શનં
મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા
ધર્મનન્દનમહં વિચિન્તયે ॥૪॥

## ॥ અથ નામાવલિ ॥

શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ॥
ભક્તિધર્માત્મજોઽજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥૫॥
હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દનઃ ॥
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ ॥
જિતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલા પ્રવૃત્તિરતિધૈર્યવાન્ ॥

જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૌર્થિકાર્ચિતઃ ॥૮॥

ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃપ્રિયઃ ॥
સિદ્ધેશ્વરઃ સ્વતંત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥

પાષણ્ડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ॥
પ્રશાન્તમૂર્ત્તિર્નિર્દોષોઽસુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયન ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ॥
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥૧૧॥

અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ॥
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥

સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃ સમાધિસ્થિતિકારકઃ ॥
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃકૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥

પ્રકાશરૂપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ॥
ભક્તિસમ્પોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥

નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાઽતિપાવનઃ ॥
અબુદ્ધિહૃદ્બ્રહ્મધામ દર્શકશ્ચાપરાજિતઃ ॥૧૫॥

આસમુદ્રાન્તસત્કીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।।
ઉદારઃ સહજાનન્દઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ।।૧૬।।
કન્દર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ ।।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ।।૧૭।।
પ્રગલ્ભો નિઃસ્પૃહઃસત્યપ્રતિજ્ઞોભક્તવત્સલઃ ।।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ।।૧૮।।
નિરહંકૃતિરદ્રોહઃ ઋજુઃ સર્વોપકારકઃ ।।
નિયામકશ્ચોપશમ સ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ।।૧૯।।
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।।
અખણ્ડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ।।૨૦।।
મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ।।૨૧।।
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।।
સર્વમંગલસદ્રૂપ નાનાગુણવિચેષ્ટિતઃ ।।૨૨।।

## ॥ અથ ફલમાહાત્મ્યમ્ ॥

ઈત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ॥
યઃ પઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥

યઃ પઠેચ્છૃણુયાદ્ભક્ત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વા ॥
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥૨૪॥

એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ॥
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણ પ્રસાદતઃ ॥૨૫॥

ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ॥
યોગિનીનાં તથા બાલ ગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥

અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોઽપ્યુપદ્રવઃ ॥
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥

દશાવૃત્ત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ॥
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥

***ઇતિ શ્રીશતાનન્દમુનિવિરચિતં શ્રીજનમંગલાખ્યં શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સંપૂર્ણમ્ ॥***

INDEX



# શ્રી જનમંગલ નામાવલિ

૦૧. ૐ શ્રી શ્રીકૃષ્ણાય નમઃ ।

૦૨. ૐ શ્રી વાસુદેવાય નમઃ ।

૦૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ ।

૦૪. ૐ શ્રી પ્રભવે નમઃ ।

૦૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ ।

૦૬. ૐ શ્રી અજન્મને નમઃ ।

૦૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।

૦૮. ૐ શ્રી નારાયણાય નમઃ ।

૦૯. ૐ શ્રી હરયે નમઃ ।

૧૦. ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ ।

૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ ।

૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ ।

૧૩. ૐ શ્રી ભક્તિનન્દનાય નમઃ ।

૧૪. ૐ શ્રી બૃહદ્વ્રતધરાય નમઃ ।

૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ ।

૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ ।

૧૭. ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમઃ ।

૧૮. ૐ શ્રી કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ ।

૧૯. ૐ શ્રી જિતેન્દ્રિયાય નમઃ ।

૨૦. ૐ શ્રી જિતાહારાય નમઃ ।

૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ ।

૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ ।

૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ ।

૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ ।

૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ ।

૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ ।

૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ ।

૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ ।

૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ ।

૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ ।

૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ ।

૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ ।

૩૩. ૐ શ્રી તપઃપ્રિયાય નમઃ ।

૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ ।

૩૫. ૐ શ્રી સ્વતન્ત્રાય નમઃ ।

૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ ।

૩૭. ૐ શ્રી પાષંડોચ્છેદનપટવે નમઃ ।

૩૮. ૐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ ।

૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ ।

૪૦. ૐ શ્રી નિર્દોષાય નમઃ ।

૪૧. ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ ।

૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ ।

૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ ।

૪૪. ॐ શ્રી મહાવ્રતાય નમઃ ।

૪૫. ॐ શ્રી સાધુશીલાય નમઃ ।

૪૬. ॐ શ્રી સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ ।

૪૭. ॐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ।

૪૮. ॐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમઃ ।

૪૯. ॐ શ્રી સ્વામિનારાયણાય નમઃ ।

૫૦. ॐ શ્રી સ્વામિને નમઃ ।

૫૧. ॐ શ્રી કાલદોષનિવારકાય નમઃ ।

૫૨. ॐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ।

૫૩. ॐ શ્રી સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ ।

૫૪. ॐ શ્રી કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ ।

૫૫. ॐ શ્રી કૌલદ્વિષે નમઃ ।

૫૬. ॐ શ્રી કલિતારકાય નમઃ ।

૫૭. ॐ શ્રી પ્રકાશરૂપાય નમઃ ।

૫૮. ૐ શ્રી નિર્દમ્ભાય નમઃ ।

૫૯. ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમઃ ।

૬૦. ૐ શ્રી ભક્તિસમ્પોષકાય નમઃ ।

૬૧. ૐ શ્રી વાગ્મિને નમઃ ।

૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ ।

૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમઃ ।

૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમઃ ।

૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ ।

૬૬. ૐ શ્રી અતિપાવનાય નમઃ ।

૬૭. ૐ શ્રી અબુદ્ધિહૃતે નમઃ ।

૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ ।

૬૯. ૐ શ્રી અપરાજિતાય નમઃ ।

૭૦. ૐ શ્રી આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ ।

૭૧. ૐ શ્રી શ્રિતસંસૃતિમોચનાય નમઃ ।

૭૨. ॐ શ્રી ઉદારાય નમઃ ।

૭૩. ॐ શ્રી સહજાનન્દાય નમઃ ।

૭૪. ॐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ ।

૭૫. ॐ શ્રી કન્દર્પદર્પદલનાય નમઃ ।

૭૬. ॐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ ।

૭૭. ॐ શ્રી પંચાયતનસન્માનાય નમઃ ।

૭૮. ॐ શ્રી નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ ।

૭૯. ॐ શ્રી પ્રગલ્ભાય નમઃ ।

૮૦. ॐ શ્રી નિઃસ્પૃહાય નમઃ ।

૮૧. ॐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમઃ ।

૮૨. ॐ શ્રી ભક્તવત્સલાય નમઃ ।

૮૩. ॐ શ્રી અરોષણાય નમઃ ।

૮૪. ॐ શ્રી દીર્ઘદર્શિને નમઃ ।

૮૫. ॐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમઃ ।

૮૬. ૐ શ્રી નિરહંકૃતયે નમઃ ।

૮૭. ૐ શ્રી અદ્રોહાય નમઃ ।

૮૮. ૐ શ્રી ઋજવે નમઃ ।

૮૯. ૐ શ્રી સર્વોપકારકાય નમઃ ।

૯૦. ૐ શ્રી નિયામકાય નમઃ ।

૯૧. ૐ શ્રી ઉપશમસ્થિતયે નમઃ ।

૯૨. ૐ શ્રી વિનયવતે નમઃ ।

૯૩. ૐ શ્રી ગુરવે નમઃ ।

૯૪. ૐ શ્રી અજાતવૈરિણે નમઃ ।

૯૫. ૐ શ્રી નિર્લોભાય નમઃ ।

૯૬. ૐ શ્રી મહાપુરુષાય નમઃ ।

૯૭. ૐ શ્રી આત્મદાય નમઃ ।

૯૮. ૐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમઃ ।

૯૯. ૐ શ્રી વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ।

૧૦૦. ૐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ ।

૧૦૧. ૐ શ્રી યમદૂતવિમોચકાય નમઃ ।

૧૦૨. ૐ શ્રી પૂર્ણકામાય નમઃ ।

૧૦૩. ૐ શ્રી સત્યવાદિને નમઃ ।

૧૦૪. ૐ શ્રી ગુણગ્રાહિણે નમઃ ।

૧૦૫. ૐ શ્રી ગતસ્મયાય નમઃ ।

૧૦૬. ૐ શ્રી સદાચારપ્રિયતરાય નમઃ ।

૧૦૭. ૐ શ્રી પુણ્યશ્રવણકીર્તનાય નમઃ ।

૧૦૮. ૐ શ્રી સર્વમંગલસદ્રૂપ
નાનાગુણવિચેષ્ટિતાય નમઃ ।

***ઈતિ શ્રી જનમંગલ નામાવલિ સમાપ્તા ॥***

# શ્રીનારાયણકવચ

વિશ્વરૂપ ઈન્દ્રને કહે છે - જ્યારે કોઈપણ પ્રકારનો ભય સમીપમાં આવવાનો થાય ત્યારે તેણે સ્નાનાદિકથી શુદ્ધ થઈ, વાણીને નિયમમાં રાખી અષ્ટાક્ષર, દ્વાદશાક્ષર અને ષડક્ષર મંત્રથી અંગન્યાસ અને કરન્યાસ કરી, નારાયણના ધ્યાનપરાયણ થઈ, નારાયણરૂપ કવચને ધારણ કરવું. એટલે કે તેનો જપ કરવો.

હવે અંગન્યાસ અને કરન્યાસ કહે છે. 'ૐ નમો નારાયણાય' આ અષ્ટાક્ષરમંત્રના ૐકારાદિ પ્રત્યેક અક્ષરોને પ્રણવથી યુક્ત કરીને, અક્ષરના અનુક્રમે બે પાદ, બે ગોઠણ, બે સાથળ, ઉદર, હૃદય, વક્ષઃસ્થળ, મુખ અને મસ્તક એમ આઠ અંગમાં ન્યાસ કરવા, અથવા મસ્તકથી આરંભીને પાદપર્યન્ત ન્યાસ કરવા. અષ્ટાક્ષર ન્યાસ કર્યા પછી 'ૐ નમો ભગવતે વાસુદેવાય' આ દ્વાદશાક્ષર મંત્રથી આંગળીઓ અને અંગૂઠાના પર્વમાં કરન્યાસ કરવા એટલે કે પ્રત્યેક અક્ષરને પ્રણવથી યુક્ત કરીને જમણા હાથની તર્જની

આંગળીને આરંભીને ડાબા હાથની તર્જની આંગળી પર્યન્ત આંગળીઓમાં અને બાકી રહેલા ચાર અક્ષરને બે અંગૂઠાના આદિ અંત પર્વમાં ન્યાસ કરવા.

ત્યારપછી 'ૐવિષ્ણવે નમઃ' આ મંત્રથી અંગન્યાસ કરવો. 'ૐ'કારનો હૃદયમાં ન્યાસ કરવો. 'વિ'કારનો મસ્તકમાં, 'ષ'કારનો ભ્રૂકુટિના મધ્યમાં, 'ણ'કારનો શિખામાં, 'વે'કારનો નેત્રોમાં, 'ન'કારનો સર્વસંધિઓમાં ન્યાસ કરવો અને 'મ'કારનો 'मः अस्त्राय फट्' એમ કહીને સર્વ દિશાઓમાં ન્યાસ કરવો એટલે દિગ્બંધન કરવું. આ પ્રમાણે કરવાથી ડાહ્યો પુરુષ મંત્રમય દેહવાળો થાય છે.

ત્યારપછી છ શક્તિઓએ યુક્ત એવા પરમાત્માનું પ્રથમ ધ્યાન કરે. ત્યારપછી વિદ્યા, તેજ અને તપના આશ્રયરૂપ એવા શ્રીનારાયણકવચના હવે પછીના મંત્રનું ઉચ્ચારણ કરે.

ૐશ્રીહરિ ભગવાન મારી સર્વ થકી રક્ષા કરો. જે શ્રીહરિ ગરુડના પૃષ્ઠ પ્રદેશ પર ચરણકમળને ધારણ કરનારા છે. વળી પોતાના આઠ હાથમાં શંખ, ચક્ર, ઢાલ,

તલવાર, ગદા, બાણ, ધનુષ અને પાશને ધારણ કરનારા છે તથા આઠ ગુણોવાળા અને અષ્ટ બાહુવાળા છે. મત્સ્યમૂર્તિધારી ભગવાન મારી જળમાં રક્ષા કરો. પોતાના સંકલ્પથી જ બટુ વામનરૂપે થયેલા વામનજી ભગવાન મારું નિર્જન પ્રદેશમાં રક્ષણ કરો. ત્રિવિક્રમ વિશ્વરૂપ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો.

જે નૃસિંહજીના ખડખડાટ હાસ્યથી દિશાઓ ગાજી ઊઠી હતી અને અસુરસ્ત્રીઓના ગર્ભો સ્રવી ગયા હતા; એવા અસુરસેનાના શત્રુ નૃસિંહ ભગવાન રણ-વગડામાં તથા સંકટ સ્થાનોમાં મારી રક્ષા કરો.

પોતાની દાઢ વડે પાતાળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરનારા યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન મારી માર્ગમાં રક્ષા કરો. પરશુરામ ભગવાન પર્વતના શિખરોમાં મારી રક્ષા કરો. ભરતના મોટા ભાઈ રામચંદ્ર ભગવાન તથા લક્ષ્મણજી મારી પ્રવાસમાં રક્ષા કરો. અભિચારાદિક ઉગ્રધર્મથી અને સમગ્ર પ્રમાદથી નારાયણ ભગવાન મારી રક્ષા કરો. નર ભગવાન ઉન્માદથી થતા ગર્વથી મારી રક્ષા કરો યોગના

સ્વામી દત્તાત્રેય ભગવાન અયોગથી (યોગભ્રંશથી) મારું રક્ષણ કરો ગુણના સ્વામી કપિલદેવ ભગવાન કર્મબંધનથી મારી રક્ષા કરો.

સનત્કુમાર ભગવાન કામદેવથી મારી રક્ષા કરો. હયગ્રીવ ભગવાન માર્ગમાં થતા દેવના અનાદરરૂપ અપરાધથી મારી રક્ષા કરો. દેવર્ષિવર્ય નારદજી, ભગવાનની આરાધનામાં થતા અંતરાયથી મારી રક્ષા કરો. કૂર્માવતાર ભગવાન શ્રીહરિ, સમગ્ર નરકથી મારી રક્ષા કરો.

ધન્વંતરિ ભગવાન રોગજનક કુપથ્યથી મારી રક્ષા કરો. જિતાત્મા ઋષભદેવ ભગવાન શીતોષ્ણાદિ દ્વન્દ્વથી થતા ભયથી રક્ષા કરો. યજ્ઞાવતારી ભગવાન લોકાપવાદથી મારી રક્ષા કરો. બલભદ્ર ભગવાન મનુષ્ય તરફથી થતા ઉપદ્રવોથી મારી રક્ષા કરો. ક્રોધવશ સર્પગણથી શેષ ભગવાન મારી રક્ષા કરો. સાક્ષાત્ વેદવ્યાસ ભગવાન અજ્ઞાન થકી મારી રક્ષા કરો. બુદ્ધ ભગવાન મોહજનક પાષંડગણથી મારી રક્ષા કરો. ધર્મની રક્ષા માટે ઘણીવાર

અવતાર ધારણ કરનારા કલ્કિ ભગવાન કાળના મળરૂપ કળિયુગથી મારી રક્ષા કરો.

ગદાધારી કેશવ ભગવાન મારી પ્રાતઃકાળમાં રક્ષા કરો. વેણુને ધારણ કરનારા ગોવિંદ ભગવાન સંગવકાળમાં મારી રક્ષા કરો. શક્તિ(સાંગ)ને ધારણ કરનારા નારાયણ ભગવાન પૂર્વાહ્નકાળમાં મારી રક્ષા કરો. ચક્રપાણિ વિષ્ણુ ભગવાન મધ્યાહ્ન કાળમાં મારી રક્ષા કરો.

ઉગ્રધનુર્ધારી દેવ મધુસૂદન ભગવાન અપરાહ્ન કાળમાં મારી રક્ષા કરો. ત્રણ ધામ જેનાં છે એવા માધવ ભગવાન સાયંકાળમાં મારી રક્ષા કરો. ઋષીકેશ ભગવાન પ્રદોષકાળમાં મારી રક્ષા કરો. પદ્મનાભ ભગવાન એકલા જ અર્ધરાત્ર પર્યંતના કાળમાં અને નિશીથ કાળમાં મારી રક્ષા કરો.

શ્રીવત્સનું ચિહ્ન જેમને છે એવા ભગવાન પાછલી રાત્રીમાં મારી રક્ષા કરો. તરવાર ધારણ કરનારા જનાર્દન ભગવાન અરુણોદયના આરંભમાં મારી રક્ષા કરો. દામોદર

ભગવાન સંધ્યા સમીપ કાળમાં મારી રક્ષા કરો. કાળમૂર્તિ વિશ્વેશ્વર ભગવાન પ્રભાતમાં મારી રક્ષા કરો.

પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણ ધારાવાળા તથા ભગવાને પ્રેરેલા એવા હે સુદર્શન ચક્ર ! તું ચારેતરફ ફરીને જેમ વાયુ મિત્ર જેનો છે એવો અગ્નિ શુષ્ક તૃણસમૂહને બાળી નાંખે છે તેમ જ મારા શત્રુના સૈન્યને તત્કાળ વારંવાર બાળી નાંખ. વજ્રના જેવા તીક્ષ્ણ સ્પર્શવાળા તણખાઓથી ભરેલી હે ગદે ! તું ભગવાનને અતિ પ્રિય છું, તું (મને દુઃખદ) કુષ્માંડ, વિનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત અને ગ્રહોને વારંવાર ભાંગીને ભૂકો કરી નાંખ અને શત્રુઓના ચૂરેચૂરા કરી નાંખ.

હે શંખરાજ પાંચજન્ય ! સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને ફૂંકવાથી મહા ભયંકર શબ્દ કરનારો તું શત્રુઓનાં હૃદયોને કંપાવતો થકો રાક્ષસો, પ્રમથો, પ્રેતગણ, માતૃકાગણ, પિશાચ, બ્રહ્મરાક્ષસ અને ઘોરદૃષ્ટિવાળા બીજા જે કોઈ હોય તે સર્વને નસાડી મૂક. હે તીક્ષ્ણ ધારવાળી શ્રેષ્ઠ તરવાર ! તું ભગવાનના હસ્ત દ્વારા પ્રેરાઈને મારા શત્રુઓના સૈન્યને

કાપી નાંખ. હે ચન્દ્રના જેવી સો ફૂદડીવાળી ઢાલ ! તું પાપી એવા શત્રુઓનાં નેત્રને ઢાંકી દે અને પાપ દષ્ટિવાળાઓની દષ્ટિને હરી લે.

અમને જે ગ્રહોથી, ધૂમકેતુ આદિક કેતુઓથી, ચોરાદિક મનુષ્યોથી, ડાઢોવાળા સર્પાદિકથી, બીજાં ભૂતોથી અને પાપોથી ભય થાય છે તે સર્વે તથા જેઓ અમારા શ્રેયમાં વિઘ્ન કરનારા છે તે સર્વે, ભગવાનનાં નામો, દિવ્યરૂપો અને સુદર્શનાદિક અસ્ત્રોના કીર્તન-સ્મરણથી તરત જ ક્ષય પામો.

સામવેદનાં સ્તોત્રથી સ્તુતિ કરાતા વેદમૂર્તિ પ્રભુ ગરુડ ભગવાન સમગ્ર સંકટોમાંથી મારી રક્ષા કરો. વિશ્વકસેન ભગવાન પોતાના નામ વડે સર્વ સ્થળેથી રક્ષણ કરો.

ભગવાનનાં નામ, રૂપ, વાહન, આયુધો અને મુખ્ય પાર્ષદો સર્વે પ્રકારની આપત્તિઓથી અમારાં બુદ્ધિ, ઈન્દ્રિય, મન અને પ્રાણની રક્ષા કરો. મૂર્તામૂર્ત સર્વ જે આ જગત છે તે વસ્તુતઃ ભગવાનરૂપ છે. કેમ કે, સર્વાધાર, સર્વાન્તર્યામી પરમેશ્વરને જ એક અવલંબન કરીને રહ્યું છે. આ સત્ય

પ્રમાણથી અમારા સર્વે ઉપદ્રવો નાશ પામો. નખશિખાપર્યંત ભગવાનની મૂર્તિનાં જ એક દર્શન કરવા ઈચ્છતા ભક્તોને સ્વયં શ્રીહરિ ભૂષણજન્ય વિકલ્પે વર્જિત પોતાનું દર્શન આપે છે અને સાલંકાર ભગવાનની મૂર્તિનાં દર્શન કરવા ઈચ્છતા ભક્તોની ઈચ્છાથી મુકુટ વગેરે ભૂષણો, શંખાદિ આયુધો, ચતુર્ભુજાદિ લિંગરૂપ શક્તિઓને ભગવાન ધારણ કરે છે. સર્વજ્ઞ ભગવાન શ્રીહરિ પરમેશ્વર છે તે આ સત્ય પ્રમાણથી ભક્તોની ઈચ્છાને અનુસારે ધારણ કરેલી પોતાની મૂર્તિઓ વડે સર્વ કાળમાં અને સર્વ દેશમાં અમારું રક્ષણ કરો.

પોતાના તેજથી સૂર્યાદિકના તેજને આચ્છાદિત કરનારા અને પોતાના ખડખડાટ હાસ્યના ધ્વનિથી લોકોના ભયને નાશ કરનારા એવા; નૃસિંહ ભગવાન દિશાઓમાં, વિદિશાઓમાં, ઊંચે, નીચે, શરીરના અંતઃપ્રદેશમાં, શરીરના બહારના પ્રદેશમાં અને ચોતરફ અમારી રક્ષા કરો.

## ॥ શ્રીનારાયણકવચ સમાપ્ત ॥

# શ્રી હનુમાનજીની આરતી

જય કપિ બળવંતા, પ્રભુ જય કપિ બળવંતા;
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા...જય૦ ૧
પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી (૨)
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી...જય૦ ૨
ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે (૨)
હનુમંત હાક સુણીને, થર થર થર કંપે...જય૦ ૩
રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી (૨)
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી...જય૦ ૪
રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા (૨)
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા....જય૦ ૫



# શ્રીહનુમત્સ્તોત્રમ્

નીતિપ્રવીણ નિગમાગમ શાસ્ત્રબુદ્ધે;
રાજાધિરાજ રઘુનાયક મંત્રિવર્ય;
સિન્દુરચર્ચિત કલેવર, નૈષ્ઠિકેન્દ્ર;
શ્રીરામદૂત હનુમન્ હર સંકટ મે...૧
સીતાનિમિત્તજરઘૂત્તમ ભૂરિકષ્ટ;
પ્રોત્સારણૈકક સહાય હતાસ્રપૌઘ;
નિર્દગ્ધયાતુ પતિહાટક રાજધાને...શ્રીરામ૦ ૨
દુર્વાર્યરાવણ વિસર્જિત શક્તિઘાત;
કંઠાસુલક્ષ્મણ સુખાહૃત જીવવલ્લે;
દ્રોણાચલા નયનનન્દિત રામપક્ષ...શ્રીરામ૦ ૩
રામાગમોક્તિ તરિતારિત બન્ધ્વયોગ;
દુઃખાબ્ધિ મગ્નભર તાર્પિત પારિબર્હ;
રામાંઘ્રિ પદ્મમધુપિ ભવદન્ત રાત્મન્...શ્રીરામ૦ ૪
વાતાત્મકેસરિ મહાકપિ રાટ્તદીય;
ભાર્યાંજની પુરુતપઃ ફલપુત્રભાવ;
તાર્ક્ષ્યોપમોચિત વપુર્બલ તીવ્રવેગ...શ્રીરામ૦ ૫

નાનાભિચારિક વિસૃષ્ટ સવીરકૃત્યા;
વિદ્રાવણારુણ સમીક્ષણ દુ:પ્રધર્ષ્ય;
રોગઘ્નસત્સુતદ વિત્તદ મન્ત્રજાપ...શ્રીરામ૦ ૬
યન્નામધેય પદકશ્રુતિ માત્રતોડપિ;
યે બ્રહ્મરાક્ષસ પિશાચ ગણાશ્ચ ભૂતા;
તે મારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સ ત્વં...શ્રીરામ૦ ૭
ત્વં ભક્તમાનસ સમિચ્છિત પૂર્તિશક્તો;
દીનસ્યદુર્મદ સપત્ન ભયાર્તિ ભાજ;
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ...શ્રીરામ૦૮

## શ્રીહનુમત્સ્તુતિ

હનુમંત મહાબળવંત હરો દુ:ખ મારું;
જય સારંગપુરના શ્યામ સદા સંભારું.ટેક
ગુણનિધિ ગોપાળાનંદજી સદ્‌ગુરૂ સ્વામી;
પધરાવ્યા તમને પ્રેમથી મહાનિષ્કામી;
તવ ચારુ ચરિત્ર પવિત્ર ધ્યાનમાં ધારું...જય સારંગપુર૦ ૧
છો કષ્ટહરણ સુખકરણ કપીશ્વર બંકા;
તવ હાક સુણી હનુમંત શત્રુ ધરે શંકા;
કર જોડી વિનંતિ આપ તણી ઉચ્ચારું...જય સારંગપુર૦ ૨

થઈ રામ સહાયક સીતાની સુધ લીધી;
બળવંત તમે લંકાને બાળી દીધી;
લાવ્યા સંજીવની ઔષધી લક્ષ્મણ સારું...જય સારંગપુર૦ ૩

સહુ ભૂત પ્રેત ભૂતડીયો ભડકી ભાગે;
વિક્રાળ મહા વૈતાળ આવે નહિ આગે;
હોય જબરું જો કદિ ઝોડ જરૂર જાનારું...જય સારંગપુર૦ ૪

નવખંડ પ્રચંડ પ્રતાપ રહ્યો છે ગાજી;
નરનારી નિરખી થાય હૃદયમાં રાજી;
આવે દેશ વિદેશથી લોક હજારું...જય સારંગપુર૦ ૫

છો વિશ્વવિહારી લાલને પૂરણ પ્યારા;
મહા પૌઢ પરાક્રમી પેખ્યા પવન કુમારા;
છે ઠીક ઠરવાનું ઠામ આ શરણ તમારું...જય સારંગપુર૦ ૬

***સમાપ્ત***

મૂર્તિ આનંદ આપણો, મૂર્તિ સરવાધાર;
મૂર્તિ છે મોક્ષદાયીની, મૂર્તિમાં કરવો પ્યાર...૧

મૂર્તિ સતત સંભારવી, મૂર્તિના કરો વિચાર;
મૂર્તિને પળ ન ભૂલવી, મૂર્તિ છે સુખાકાર...૨

મૂર્તિના દર્શન દોયલા, મૂર્તિ સહુનું કારણ;
મૂર્તિ રહે ચિદાકાશમાં, મૂર્તિનું ત્યાં વિચરણ...૩

મૂર્તિને મુક્તો જોઈ રહ્યા, મૂર્તિનું માણે સુખ;
મૂર્તિ મંદમંદ હસ્યા કરે, મૂર્તિ છે હસમુખ...૪

મૂર્તિ મળે તો મોક્ષ મળે, મૂર્તિ શાંતિ અપાર;
મૂર્તિને મળવા મંડી પડો, મૂર્તિમાં કરવા પ્યાર...૫

મૂર્તિ મૂર્તિ કર્યા કરો, મૂર્તિને રાખો ઉર;
મૂર્તિ પળ નવ ભૂલશો, મૂર્તિથી રહો ભરપુર...૬



કુંડળધામમાં જ્યાં શ્રીહરિ પોતાનું
માની રહેતા તે સ્થાને નવનિર્મિત

# દરબારગઢ

**પ્રકાશક :**

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ
તથા કારેલીબાગ-વડોદરા

www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-49-9